

PRGI No. GUJGUJ/2016/70752

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 10
Issue : 251
Dt.: 16-07-2026,
Thursday
Page:04
Rs.00.50 paisa

### કુલ રૂ.૨.૧૯ લાખ કરોડના બજેટને આપી મંજૂરી

# સેમિકન્ડક્ટ, મોબાઈલ, રેલવે... કેબિનેટે લીધા ૬ મોટા નિર્ણય

### કેન્દ્રીય મંત્રીમંડળે મોબાઈલ ઉત્પાદન, સેમિકન્ડક્ટર અને વારાણસીના ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે મોટા નિર્ણયો લીધા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્રીય મંત્રીમંડળે બુધવારે (૧૫ જુલાઈ ૨૦૨૬) મોબાઈલ ઉત્પાદન, સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, યુરિયા અને રેલવે સંબંધિત અનેક મોટા નિર્ણયોને લીલી ઝંડી આપી દીધી છે. જેમાં 'ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન' ના બીજા તબક્કા માટે ૧.૨૭ લાખ કરોડ રૂપિયાની મંજૂરી આપવામાં આવી છે. આ ઉપરાંત ૧૪,૪૪૭.૬૪ કરોડ રૂપિયાના ખર્ચે **NH-19** અને વારાણસી રિંગ રોડ વચ્ચે છ લેનના નવા એલિવેટેડ કોરિડોરને મંજૂરી અપાઈ છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, **NH-31** ને વારાણસી રિંગ રોડ સાથે જોડતા ૪૩.૨૧૮ કિલોમીટર લાંબા ૬,૪ લેનના એલિવેટેડ કોરિડોરને મંજૂરી અપાઈ છે, જેનો ખર્ચ ૧૦,૯૯૮.૩૨ કરોડ રૂપિયા થશે.

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, કાશીમાં દર વર્ષે લગભગ ૧૫ કરોડ પ્રવાસીઓ આવી રહ્યા છે. અહીં પાયાની સુવિધાઓના વિકાસ માટે ઘણું કામ થયું છે, અને આજે આગામી સ્તરના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ માટે બે મોટી મંજૂરીઓ આપવામાં આવી છે. વરુણા નદીના કિનારે આખો ૬ લેન અને ૪ લેન એલિવેટેડ કોરિડોર મંજૂર કરવામાં આવ્યો છે. આ ખૂબ જ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ છે. આ સાથે કાશીમાં ગંગા નદીની સમાંતર એક સંપૂર્ણ છ-લેન એલિવેટેડ કોરિડોર બનાવવામાં આવશે. વરુણા એલિવેટેડ કોરિડોર અને ગંગા એલિવેટેડ કોરિડોર સંયુક્ત રીતે શહેરની ટ્રાફિક સમસ્યાનો સંપૂર્ણ અંત લાવશે.

મંત્રીમંડળે મોબાઈલ મેન્યુફેક્ચરિંગ સંબંધિત પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ (PLI) યોજનાના બીજા તબક્કા માટે ૬૨,૫૦૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. આ યોજનાનો હેતુ સ્થાનિક ઉત્પાદન વધારવાનો અને ભારતીય ફોન બ્રાન્ડનો વિકાસ કરવાનો છે. અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, પ્રોત્સાહન આધારિત આ નવી યોજનાથી આશરે ૧૫ લાખ કરોડ રૂપિયાની નિકાસ અને ૬૦,૦૦૦ પ્રત્યક્ષ રોજગારીની તકો ઊભી થવાની અપેક્ષા છે. આ યોજના નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ થી ૨૦૩૦-૩૧ સુધીના પાંચ વર્ષ માટે લાગુ રહેશે. સેમિકન્ડક્ટર મિશનના બીજા તબક્કા (સેમિકોન ૨.૦) માટે ૧.૨૭ લાખ કરોડ રૂપિયા મંજૂર કરાયા છે, જેનાથી દેશમાં આશરે ૪ લાખ કરોડ રૂપિયાનું રોકાણ આવશે. યોજનાના ગાળા દરમિયાન દેશમાં ૨ લાખ કરોડ રૂપિયાના મૂલ્યના સેમિકન્ડક્ટરનું ઉત્પાદન થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં સેમિકોન ૨.૦ ને લીલી ઝંડી મળી છે, જેમાં ચિપ ઉદ્યોગ માટે જરૂરી ખનિજો અને ગેસ જેવા કાચા માલના સપ્લાયર્સને પણ પ્રોત્સાહન આપવામાં આવશે. સેમિકોન ૨.૦ ના છ મુખ્ય સ્તંભો હશે, જેમાં પ્રથમ સ્તંભ ચિપ ડિઝાઈનનો હશે. આ યોજના હેઠળ ભારત સ્વદેશી ચિપ ઉત્પાદન ક્ષેત્રે સ્વનિર્ભર બનશે. અગાઉ સેમિકોન ૧.૦ હેઠળ ૭૬,૦૦૦ કરોડ રૂપિયા ફાળવાયા હતા, જેમાં ટાટા ઈલેક્ટ્રોનિક્સ અને તેની સેમિકન્ડક્ટર યુનિટ દ્વારા મોટું રોકાણ કરવામાં આવ્યું છે.

કેન્દ્રીય મંત્રીમંડળે રાષ્ટ્રીય રોકાણ નીતિ-૨૦૨૬ને મંજૂરી આપી છે. તેનો ઉદ્દેશ્ય દેશમાં ૧ કરોડ ટન વધારાની યુરિયા ઉત્પાદન ક્ષમતા ઊભી કરવાનો છે, અને આ ખાતરના મામલે ભારતને આત્મનિર્ભર બનાવવાનો છે. આ નીતિ હેઠળ દેશમાં કુદરતી ગેસ આધારિત ૮ થી ૯ નવા યુરિયા પ્લાન્ટ સ્થાપવામાં આવશે.

કેબિનેટ કમિટી ઓન ઈકોનોમિક અફેર્સ (CCEA) એ રેલવે મંત્રાલયના બે મોટા પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે.

પારા દીપ-હરિદાસપુરઃ રેલવે લાઈનનું ડબલિંગ કરવામાં આવશે. રાજખરસાવાં-ડાંગોઆપોસીઃ ચોથી રેલવે લાઈનનું નિર્માણ કરવામાં આવશે. ટ્રેકના વિસ્તરણથી આ રૂટો પર ટ્રેનોની ઝડપ વધશે, ભીડ ઓછી થશે, અને ભારતીય રેલવેની સેવાઓ વધુ નિયમિત અને સમયસર બનશે.

### કુડનકુલમ ન્યૂક્લિયર પ્લાન્ટ પર સાયબર સંકટ

# રેન્સમવેર ગ્રૂપ 'વર્લ્ડ લીક્સ'એ ડાર્ક વેબ પર ડેટા જાહેર કરવાનો દાવો કર્યો

### ડેટા લીકના દાવાની તપાસ ચાલુ, સાયબર સુરક્ષા એજન્સીઓ સંભવિત જોખમોનું કરી રહી છે મૂલ્યાંકન

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતના સૌથી મોટા પરમાણુ ઊર્જા પ્રોજેક્ટ પૈકીના એક કુડનકુલમ ન્યૂક્લિયર પાવર પ્લાન્ટ સાથે જોડાયેલી સંવેદનશીલ માહિતી ડાર્ક વેબ પર લીક થયાનો દાવો સામે આવતા સાયબર સુરક્ષાને લઈને ચિંતા વધી છે. એક રેન્સમવેર ગ્રૂપે દાવો કર્યો છે કે તેણે ચોરી કરેલા ડેટામાં પ્લાન્ટની કેટલીક બ્લૂપ્રિન્ટ્સ, સપ્લાયર વિગતો અને અન્ય દસ્તાવેજો સામેલ છે.

મળતી માહિતી મુજબ, 'વર્લ્ડ લીક્સ' નામના રેન્સમવેર ગ્રૂપે ડાર્ક વેબ પર રિલાયન્સ ગ્રૂપ સાથે જોડાયેલા ડેટાનો એક ભાગ જાહેર કર્યો હોવાનો દાવો કર્યો છે. આ ડેટામાં કુડનકુલમ ન્યૂક્લિયર પાવર પ્લાન્ટના કેટલાક ભાગોની કથિત માહિતી હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

રિલાયન્સ ગ્રૂપે જણાવ્યું છે કે તેના થર્ડ પાર્ટી ડેટા સેન્ટર સર્વિસ પ્રોવાઈડર યોટ્ટા દ્વારા હોસ્ટ કરવામાં આવેલા સર્વરમાં આંશિક ડેટા ભંગની ઘટના સામે આવી હતી. કંપનીએ આ મામલે સરકારને જાણ કરી હોવાનું પણ જણાવ્યું છે. જોકે, કયો ચોક્કસ ડેટા લીક થયો છે તેની સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવી નથી.સાયબર નિષ્ણાતોના મતે, જો લીક થયેલી માહિતી સાચી હોય તો તેમાં રહેલી ટેકનિકલ વિગતોનો ખોટા હેતુ માટે ઉપયોગ થઈ શકે છે. પ્લાન્ટની સપોર્ટ સિસ્ટમ, સપ્લાય ચેઈન અથવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત માહિતી સુરક્ષા માટે મહત્વપૂર્ણ ગણાય છે.

લીક થયેલા દસ્તાવેજોમાં કથિત રીતે વેન્ટિલેશન અને કૂલિંગ સિસ્ટમની બ્લૂપ્રિન્ટ્સ, કંટ્રોલ રૂમના લેઆઉટ, સપ્લાયર યાદી, ઈન્સ્પેક્શન રેકોર્ડ્સ અને અન્ય ટેકનિકલ દસ્તાવેજો સામેલ હોવાનું જણાવાયું છે. જોકે, આ તમામ દસ્તાવેજોની સત્તાવાર પુષ્ટિ હજુ સુધી થઈ નથી.

આ મામલે ભારતની સાયબર સુરક્ષા એજન્સીઓ અને સંબંધિત સંસ્થાઓ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. અધિકારીઓ દ્વારા લીક થયેલા ડેટાની ખરાઈ, તેની અસર અને સંભવિત જોખમોનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે કુડનકુલમ ન્યૂક્લિયર પ્લાન્ટ અગાઉ પણ સાયબર ઘટનાને લઈને ચર્ચામાં આવ્યો હતો.

વર્ષ ૨૦૧૯માં પ્લાન્ટના એડમિનિસ્ટ્રેટિવ નેટવર્કમાં માલવેર મળ્યું હતું, જોકે તે સમયે મુખ્ય પરમાણુ નિયંત્રણ સિસ્ટમ પર કોઈ અસર થઈ નહોતી. સાયબર હુમલાઓ વધતા જતા સમયમાં મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુરક્ષા વધુ પડકારજનક બની રહી છે. પરમાણુ ઊર્જા જેવા સંવેદનશીલ ક્ષેત્રોમાં ડેટા સુરક્ષા અને મજબૂત સાયબર રક્ષણ વ્યવસ્થા અત્યંત મહત્વપૂર્ણ બની છે.

### તત્કાલ ટિકિટ બુકિંગની મુશ્કેલી થશે ઓછી

# IRCTCની નવી વેબસાઈટ લાઈવ, ૫ ગણી વધુ ઝડપથી થશે બુકિંગ

### નવા પ્લેટફોર્મમાં ઝડપી પેજ લોડિંગ, સરળ ઈન્ટરફેસ અને વધુ ક્ષમતાનો અપગ્રેડ; મુસાફરોને મળશે નવી સુવિધાઓ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ટ્રેનની તત્કાલ ટિકિટ બુક કરતી વખતે થતી મુશ્કેલીઓ હવે ઓછી થવાની શક્યતા છે. ભારતીય રેલવેની ટિકિટ બુકિંગ સેવા સંચાલિત કરતી **IRCTC** દ્વારા પોતાની વેબસાઈટનું નવું અને ઝડપી વર્ઝન રજૂ કરવામાં આવી રહ્યું છે. નવી વેબસાઈટમાં વધુ સરળ ડિઝાઈન, ઝડપી સ્પીડ અને તત્કાલ બુકિંગ દરમિયાન વધતા ટ્રાફિકને સંભાળવાની ક્ષમતા વધારવામાં આવી છે.

મુસાફરો માટે સૌથી મોટો ફેરફાર વેબસાઈટના નવા ઈન્ટરફેસમાં જોવા મળશે. નવી સિસ્ટમને વધુ સરળ અને ઉપયોગી બનાવવામાં આવી છે, જેથી ટિકિટ બુક કરતી વખતે ઓછા સ્ટેપમાં પ્રક્રિયા પૂર્ણ થઈ શકે. ખાસ કરીને તત્કાલ બુકિંગ સમયે આવતી ધીમી સ્પીડ, પેજ લોડિંગ અને ટેકનિકલ સમસ્યાઓ ઘટાડવા માટે ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે.

નવી વેબસાઈટમાં મુસાફરોને સીટ અથવા બર્થ પસંદ કરવાની વધુ સુવિધા મળશે. આ ઉપરાંત ફેર કેલેન્ડર જેવી સુવિધા પણ ઉમેરવામાં આવશે, જેના દ્વારા મુસાફરો અલગ-અલગ તારીખના ભાડાની સરખામણી કરી શકશે. અલગ અલગ ક્લાસની સીટ ઉપલબ્ધતા પણ એક જ સ્ક્રીન પર જોઈ શકાશે, જેથી વારંવાર અલગ વિકલ્પ તપાસવાની જરૂર નહીં પડે.

નવી સિસ્ટમમાં અનેક ભારતીય ભાષાઓનો સપોર્ટ પણ આપવામાં આવશે, જેથી દેશભરના મુસાફરો માટે તેનો ઉપયોગ વધુ સરળ બનશે. દિવ્યાંગજન, વિદ્યાર્થીઓ અને દર્દીઓ માટેની કન્સેશન બુકિંગ પ્રક્રિયાને પણ વધુ સરળ બનાવવાની તૈયારી કરવામાં આવી રહી છે.

**IRCTC**ના નવા પ્લેટફોર્મનો સૌથી મોટો ફેરફાર તેના ટેક્નિકલ બેકએન્ડમાં કરવામાં આવ્યો છે. હાલની સિસ્ટમમાં તત્કાલ બુકિંગ સમયે એકસાથે મોટી સંખ્યામાં લોકો લોગિન કરતા હોવાથી વેબસાઈટ ધીમી પડી જતી હતી અથવા પેમેન્ટ અને બુકિંગમાં સમસ્યાઓ આવતી હતી.

નવી સિસ્ટમ પ્રતિ મિનિટ આશરે ૧.૫ લાખથી વધુ ટિકિટ બુકિંગનો ભાર સંભાળી શકશે. જ્યારે જૂની વ્યવસ્થા લગભગ ૩૨ હજાર બુકિંગ પ્રતિ મિનિટની ક્ષમતા ધરાવતી હતી. આ ઉપરાંત પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમની ક્ષમતામાં પણ વધારો કરવામાં આવી રહ્યો છે.

આ અપગ્રેડ બાદ મુસાફરોને પીક કલાકોમાં પણ ઝડપી સેવા મળવાની આશા છે. તત્કાલ ટિકિટ માટે થતી લાંબી રાહ અને ટેકનિકલ મુશ્કેલીઓમાં ઘટાડો થશે અને ઓનલાઈન રેલવે બુકિંગનો અનુભવ વધુ સરળ બનશે.

# દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાનની આસપાસ સાયક્લોનિક સર્ક્યુલેશન બન્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશના ઘણા ભાગોમાં ચોમાસું હાલ સક્રિય છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ બંગાળની ખાડીમાં સર્જાયેલા સાયક્લોનિક સર્ક્યુલેશન અને મોન્સૂન ટ્રફના પ્રભાવથી આજે ઘણા રાજ્યોમાં વરસાદ થવાની સંભાવના છે. ઉત્તર પ્રદેશ, બિહાર સહિત ઉત્તર-પૂર્વ ભારત અને પૂર્વીય રાજ્યોમાં કેટલીક જગ્યાએ ભારે વરસાદના અણસાર છે.સ્કાયમેટના અનુમાન પ્રમાણે મોન્સૂન ટ્રફ આ સમયે બીકાનેર, ચુરુ, લખનૌ, પટના, બાંકા, ડાયમંડ હાર્બરથી પસાર થઈને બંગાળની ખાડીના પૂર્વ-મધ્ય ભાગ સુધી ફેલાયેલી છે. બીજી તરફ, ઉત્તર બંગાળની ખાડી અને તેની આસપાસના વિસ્તારોમાં એક સાયક્લોનિક સર્ક્યુલેશન બનેલું છે, જે સમુદ્ર સપાટીથી લગભગ ૫.૮ કિલોમીટરની ઊંચાઈ સુધી સક્રિય છે. આ સિવાય ઉત્તર ગુજરાત અને દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાનની આસપાસ પણ એક સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાયું છે.હવામાનની આગાહી મુજબ, ઉત્તર-પૂર્વ ભારત, પશ્ચિમ બંગાળ, ઓડિશા અને ઉત્તરી આંદામાન-નિકોબાર દ્વીપસમૂહમાં હળવાથી મધ્યમ વરસાદ સાથે કેટલીક જગ્યાએ ભારે વરસાદ થઈ શકે છે. આ સિવાય સિક્કિમ, બિહાર, ઝારખંડ, છત્તીસગઢ, પૂર્વ ઉત્તર પ્રદેશ, ઓડિશા અને પશ્ચિમ બંગાળના કેટલાક ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

### ટ્રમ્પે કહ્યું- આવતા અઠવાડિયે પાવર પ્લાન્ટ અને પુલને ટાર્ગેટ કરીશું, જો કરાર નહીં થાય તો કંઈ બચશે નહીં

# અમેરિકાની સતત ચોથા દિવસે ઈરાન પર એરસ્ટ્રાઈક

### કતારના અલ-ઉદીદ એરબેઝની સેટેલાઈટ તસવીરોમાં અમેરિકી સેનાના એક વેરહાઉસને નુકસાન થયાના સંકેત મળ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકી સેનાએ મંગળવારે રાત્રે સતત ચોથા દિવસે ઈરાનના અનેક સૈન્ય ઠેકાણાઓ પર એરસ્ટ્રાઈક કરી. આ સાથે જ ઈરાની બંદરોની દરિયાઈ નાકાબંધી પણ શરૂ કરી દીધી છે. અમેરિકાનું કહેવું છે કે આ કાર્યવાહી ઈરાન પર દબાણ વધારવા માટે કરવામાં આવી રહી છે.રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફોક્સ ન્યૂઝને આપેલા ઈન્ટરવ્યુમાં તેમણે કહ્યું, "અમે મંગળવારે રાત્રે પણ હુમલો કરીશું, તેના પછીના દિવસે પણ કરીશું. આવતા અઠવાડિયે ઈરાનના વીજળીઘર અને પુલ પણ ટાર્ગેટ પર છે. જો સમજૂતી નહીં કરી, તો ત્યાં કંઈ જ નહીં બચે."ટ્રમ્પે કહ્યું કે અમેરિકાના હુમલા ત્યાં સુધી ચાલુ રહેશે, જ્યાં સુધી ઈરાન વાતચીત માટે તૈયાર ન થઈ જાય. તેમણે એમ પણ કહ્યું કે જરૂર પડ્યે જમીની સૈન્ય અભિયાન પણ ચલાવી શકાય છે, જોકે આ માટે સહયોગી દેશોની મદદ લઈ શકાય છે.કતારના અલ-ઉદીદ એરબેઝની સેટેલાઈટ તસવીરોમાં અમેરિકી સેનાના એક વેરહાઉસને નુકસાન થયાના સંકેત મળ્યા છે. ઈરાની મીડિયા પ્રેસ ટીવીએ વીડિયો જાહેર કરીને દાવો કર્યો કે આ નુકસાન ઈરાનના તાજેતરના મિસાઈલ હુમલા બાદ થયું છે.અલ-ઉદીદ પશ્ચિમ એશિયામાં અમેરિકાનો સૌથી મોટો સૈન્ય અડ્ડો છે. તાજેતરના દિવસોમાં ઈરાને કતાર સહિત ખાડી દેશોમાં હાજર અમેરિકી ઠેકાણાઓ પર વળતા હુમલા કરવાનો દાવો કર્યો છે.જોકે, અમેરિકાએ હજુ સુધી આ સેટેલાઈટ તસવીરો કે વેરહાઉસને થયેલા નુકસાનની સત્તાવાર પુષ્ટિ કરી નથી. સ્વતંત્ર રીતે પણ આ દાવાઓની પુષ્ટિ થઈ શકી નથી.

# 'સીરિયા-લેબેનોનમાંથી તમારું સૈન્ય હટાવી લો': યુદ્ધ વચ્ચે નેતન્યાહુને ફરી એકવાર ટ્રમ્પની સલાહ



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સાથે ફોન પર વાતચીત કરીને સીરિયા અને લેબેનાનમાંથી પોતાની સેના પાછી ખેંચવા માટે કડક શબ્દોમાં જણાવ્યું છે. ટ્રમ્પનું માનવું છે કે આ વિસ્તારોમાં ઈઝરાયલી સૈન્યની હાજરીથી મધ્ય પૂર્વ (મિડલ ઈસ્ટ)માં તણાવ સતત વધી રહ્યો છે અને તે યુદ્ધની આગને વધુ ભડકાવી શકે છે. ટ્રમ્પે નેતન્યાહૂને સ્પષ્ટ કહ્યું કે, "તેઓ (સ્થાનિકો) તમને ત્યાં જોવા નથી માંગતા, તમારે તમારી સેના પાછી ખેંચી લેવી જોઈએ."આ ફોન કોલ પૂર્વે તૂર્કિયેમાં યોજાયેલી નાટો શિખર સંમેલન દરમિયાન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને સીરિયાના પ્રમુખ અહેમદ અલ-શરા વચ્ચે એક અત્યંત મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકના બીજા જ દિવસે ટ્રમ્પે નેતન્યાહૂને ફોન કરીને આ કડક આદેશ આપ્યો છે. ઉલ્લેખનીય છે કે, ફેબ્રુઆરી ૨૦૨૬માં અમેરિકા અને ઈઝરાયલે સંયુક્ત રીતે ઈરાન પર હુમલો કર્યો હતો, પરંતુ ત્યારબાદ ઈઝરાયલે પોતાનું ધ્યાન સીરિયા અને લેબેનાન તરફ કેન્દ્રિત કરીને ત્યાં સૈન્ય કાર્યવાહી વધારી દીધી હતી.અમેરિકન પ્રશાસન છેલ્લા ઘણા મહિનાઓથી ઈઝરાયલ અને સીરિયા વચ્ચે નવો સુરક્ષા કરાર કરાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. જો કે, અમેરિકન અધિકારીઓનું કહેવું છે કે નેતન્યાહૂ આ મામલે કોઈ પણ પ્રકારની છૂટછાટ આપવા તૈયાર નથી. ડિસેમ્બર ૨૦૨૪માં અસદ શાસનના પતન બાદ ઈઝરાયલે સીરિયાના જે વિસ્તારો પર કબજો કર્યો છે, ત્યાંથી તે સેના હટાવવા રાજી નથી. ઈઝરાયલના વડાપ્રધાન કાર્યાલયે નિવેદન આપ્યું છે કે સરહદો પર સુરક્ષા ઝોન જાળવી રાખવો તેમના દેશની સુરક્ષા માટે અનિવાર્ય છે.ઈઝરાયલી સેનાએ હાલ દક્ષિણ લેબેનાન અને દક્ષિણ સીરિયાના મોટા ભાગો પર નિયંત્રણ મેળવેલું છે. ઈઝરાયલના કેટલાક કટ્ટરપંથી અધિકારીઓ તો આ વિસ્તારોમાં યહૂદી વસાહતો સ્થાપવાની પણ હિમાયત કરી રહ્યા છે. બીજી તરફ, ઈઝરાયલમાં ત્રણ મહિના પછી સામાન્ય ચૂંટણીઓ યોજાવાની છે, જે નેતન્યાહૂના રાજકીય અસ્તિત્વ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ રાજકીય દબાણ વચ્ચે નેતન્યાહૂ અમેરિકાની વાત માનીને સૈન્ય પાછું ખેંચે તેવી શક્યતા હાલ નહિવત દેખાઈ રહી છે.



# તંત્રી લેખ......

## હોર્મુઝમાં વધતા તણાવથી વૈશ્વિક બજારોમાં ચિંતા

અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા સૈન્ય સંઘર્ષની અસર હવે વૈશ્વિક અર્થવ્યવસ્થા પર સ્પષ્ટ રીતે જોવા મળી રહી છે. હોર્મુઝ સ્ટ્રેટમાં વધતા તણાવ અને વેપારી જહાજોની સુરક્ષા અંગે ઉભી થયેલી ચિંતાઓના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં નોંધપાત્ર તેજી જોવા મળી છે. મંગળવારે બ્રેન્ટ ક્રૂડનો ભાવ પ્રતિ બેરલ ૮૪ ડોલરથી ઉપર પહોંચી ગયો હતો, જ્યારે અમેરિકન ડબ્લ્યુટીઆઈ (WTI) ક્રૂડ પણ ૮૦ ડોલરની આસપાસ ટ્રેડ થઈ રહ્યો હતો. ઊર્જા બજારના નિષ્ણાતોનું માનવું છે કે જો મધ્ય પૂર્વમાં હાલનો સંઘર્ષ લાંબો ચાલશે તો ક્રૂડ ઓઈલ ફરી એકવાર ૧૦૦થી ૧૨૦ ડોલર પ્રતિ બેરલની સપાટીએ પહોંચી શકે છે. હોર્મુઝ સ્ટ્રેટ વિશ્વના સૌથી વ્યસ્ત અને વ્યૂહાત્મક દરિયાઈ માર્ગોમાંનો એક છે. ઈરાન, ઓમાન અને યુનાઈટેડ આરબ અમીરાત (UAE) વચ્ચે આવેલો આ દરિયાઈ માર્ગ વૈશ્વિક ઊર્જા વેપાર માટે અત્યંત મહત્વનો માનવામાં આવે છે. દુનિયાના કુલ ક્રૂડ ઓઈલ અને એલએનજી (LNG) પુરવઠાનો લગભગ ૨૦ ટકા હિસ્સો આ માર્ગ પરથી પસાર થાય છે. આવી સ્થિતિમાં અહીં કોઈપણ પ્રકારની સૈન્ય કાર્યવાહી અથવા જહાજોની અવરજવરમાં વિક્ષેપ સર્જાય તો તેની સીધી અસર વૈશ્વિક તેલ બજાર અને ઊર્જા પુરવઠા પર પડે છે. તાજેતરના દિવસોમાં વેપારી જહાજો પર હુમલા અને ઓઈલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને લઈને ઉભી થયેલી સુરક્ષા ચિંતાઓને કારણે આંતરરાષ્ટ્રીય કોમોડિટી બજારમાં અસ્થિરતા વધી છે. રોકાણકારો સુરક્ષિત રોકાણ તરફ વળી રહ્યા છે, જ્યારે અનેક દેશો પોતાના વ્યૂહાત્મક ઓઈલ ભંડાર પર નજર રાખી રહ્યા છે. વિશ્લેષકોનું કહેવું છે કે જો સંઘર્ષ વધુ વિકરાળ બનશે અને મુખ્ય ઓઈલ નિકાસ માર્ગો પ્રભાવિત થશે તો વૈશ્વિક સપ્લાય ચેઈન પર ગંભીર અસર થઈ શકે છે. ભારત માટે પણ આ પરિસ્થિતિ મહત્વપૂર્ણ છે, કારણ કે દેશ પોતાની ક્રૂડ ઓઈલની જરૂરિયાતનો મોટો ભાગ આયાત દ્વારા પૂરો કરે છે. જો હોર્મુઝ સ્ટ્રેટમાં અવરોધ સર્જાશે તો આયાત ખર્ચ વધશે, જેના કારણે પેટ્રોલ, ડીઝલ, એલપીજી અને એવિએશન ફ્યુઅલના ભાવમાં વધારો થઈ શકે છે. તેની સીધી અસર મોંઘવારી, પરિવહન ખર્ચ અને ઔદ્યોગિક ઉત્પાદન પર પડી શકે છે. રૂપિયો પણ દબાણ હેઠળ આવી શકે છે, જેના કારણે આયાત વધુ મોંઘી બનવાની શક્યતા છે. આર્થિક નિષ્ણાતો માને છે કે આગામી કેટલાક દિવસોમાં મધ્ય પૂર્વની સ્થિતિ પર વિશ્વના નાણાકીય બજારોની નજર રહેશે. જો રાજદ્વારી પ્રયાસો સફળ થશે તો તેલના ભાવમાં સ્થિરતા આવી શકે છે, પરંતુ સંઘર્ષ વધુ ઊંડો બનશે તો વૈશ્વિક શેરબજારો, ચલણ બજાર અને કોમોડિટી માર્કેટમાં વધુ અસ્થિરતા જોવા મળી શકે છે. ભારત સહિત અનેક દેશો માટે ઊર્જા સુરક્ષા અને મોંઘવારીનું સંચાલન આગામી દિવસોમાં સૌથી મોટો પડકાર બની શકે છે.

## શ્રીજી ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાંથી ૧૦૩ કિલો શંકાસ્પદ ઘી અને મલાઈનો જથ્થો ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતના કામરેજ વિસ્તારમાં નકલી અને ભેળસેળયુક્ત ખાદ્યપદાર્થો વેચતા તત્વો સામે પોલીસે લાલ આંખ કરી છે.

કામરેજના નવાગામ ખાતે આવેલી શ્રીજી ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં પોલીસે અચાનક સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધર્યું હતું. આ દરોડા દરમિયાન ઔદ્યોગિક વસાહતમાંથી મોટા પ્રમાણમાં શંકાસ્પદ ઘી અને ભેળસેળની આશંકાવાળો કાચો માલ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.ઔદ્યોગિક એકમમાં સર્ચ ઓપરેશન દરમિયાન કામરેજ પોલીસને સ્થળ પરથી આશરે ૧૦૩ કિલો જેટલું શંકાસ્પદ ઘી મળી આવ્યું હતું. આ સિવાય ઘી બનાવવામાં વપરાતી ૧૧૨ કિલો જેટલી મલાઈનો જથ્થો પણ જપ્ત કરવામાં આવ્યો છે. આટલી મોટી માત્રામાં શંકાસ્પદ જથ્થો મળી આવતા પોલીસે તાત્કાલિક ધોરણે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

સાયન્સ એન્ડ ટેક્નોલોજી મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાના હસ્તે રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા 'રોબોફેસ્ટ ગુજરાત ૬.૦'નું કરાયું લોન્ચિંગ

## હાઈ-ટેક "સનરાઈઝ સેક્ટર્સ" જેવા કે સેમિકન્ડક્ટર, રોબોટિક્સ, AI અને હાઈપર-સ્કેલ ડેટા સેન્ટર્સના વૈશ્વિક હબ તરીકે ગુજરાત પ્રસ્થાપિત: મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયા

ગુજરાત આજે પરંપરાગત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતા રાજ્યમાંથી હાઈ-ટેક "સનરાઈઝ સેક્ટર્સ" જેવા કે સેમિકન્ડક્ટર, રોબોટિક્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને હાઈપર-સ્કેલ ડેટા સેન્ટર્સના વૈશ્વિક હબ તરીકે ઉભરી આવ્યું છે, તેમ આજે 'રોબોફેસ્ટ ગુજરાત ૬.૦'ના લોન્ચિંગ કાર્યક્રમમાં સાયન્સ એન્ડ ટેક્નોલોજી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું. ગુજરાતમાં વર્ષ ૨૦૦૬માં તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વિઝનરી નેતૃત્વ હેઠળ સ્થાપિત વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ આજે સ્પેસ ટેકનોલોજી, બાયોટેકનોલોજી અને આગામી ક્વોન્ટમ મિશન સહિતના ૧૧ મુખ્ય વર્ટિકલ્સ પર કાર્ય કરી રહ્યું છે. ભૂતકાળમાં જ્યાં પ્રાથમિક શાળાઓના વિજ્ઞાન મેળાઓ સામાન્ય મોડલ્સ પૂરતા સીમિત હતા, ત્યાં આજે ગુજકોસ્ટ આયોજિત 'રોબોફેસ્ટ' જેવા મંચો થકી હજારો યુવા વિદ્યાર્થીઓ મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ અને આઈટીના સમન્વયથી અત્યંત જટિલ વાસ્તવિક રોબોટ્સનું નિર્માણ કરી શિક્ષણ ક્ષેત્રે આવેલા ક્રાંતિકારી બદલાવને પ્રદર્શિત કરી રહ્યા છે, તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

ગુજરાત સરકારના સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (GUJCOST) દ્વારા દેશની સૌથી પ્રતિષ્ઠિત અને પ્રતિભાશાળી રોબોટિક સ્પર્ધા 'રોબોફેસ્ટ ગુજરાત ૬.૦'નું આજે ગાંધીનગર ખાતે સાયન્સ એન્ડ ટેક્નોલોજી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાના હસ્તે લોન્ચિંગ કરવામાં આવ્યું હતું.

મંત્રી શ્રી મોઢવાડિયાએ કહ્યું હતું કે, રોબોટિક્સ ટેકનોલોજી માત્ર વૈજ્ઞાનિક સંશોધન પૂરતી મર્યાદિત ન રહેતા માનવજીવન અને રાષ્ટ્રીય સુરક્ષા માટે અનિવાર્ય બની ચૂકી છે. તબીબી ક્ષેત્રે મેળવેલી સિદ્ધિના ઉદાહરણરૂપે, એશિયાની ખ્યાતનામ કિડની ઈન્સ્ટિટ્યૂટ (IKDRC) ખાતે તાજેતરમાં જ રોબોટિક સર્જરીના માધ્યમથી સાત જટિલ લિવર ટ્રાન્સપ્લાન્ટ ૧૦૦ ટકા સફળતાના દર સાથે પીડારહિત રીતે પૂર્ણ કરવામાં આવ્યા છે. બીજી તરફ, બદલાતા વૈશ્વિક પ્રવાહો વચ્ચે ભવિષ્યના યુદ્ધો સૈનિકો દ્વારા સીધા સરહદ પર લડાવાને બદલે અદ્યતન રોબોટ્સ, ડ્રોન્સ અને બંકરમાં બેસીને સંચાલિત થતી આધુનિક શસ્ત્ર પ્રણાલી દ્વારા લડવામાં આવી રહ્યા છે. આમ, દેશના સાર્વભૌમત્વ અને સરહદી સુરક્ષાને અખંડ રાખવા માટે રોબોટિક એન્જિનિયરિંગમાં આત્મનિર્ભરતા અત્યંત આવશ્યક છે.

વર્ષ ૨૦૨૨ સુધી સેમિકન્ડક્ટર ક્ષેત્રે નહિવત હાજરી ધરાવતું ભારત આજે ગુજરાતના સક્રિય યોગદાનથી વૈશ્વિક પટલ પર અગ્રેસર બનવા જઈ રહ્યું છે. દેશના ૧૨ મોટા નિર્માણધીન પ્રોજેક્ટ્સમાંથી ૬ પ્રોજેક્ટ્સ માત્ર ગુજરાતમાં જ પ્રગતિ હેઠળ છે. તે જ રીતે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના યુગમાં અત્યંત મહત્વપૂર્ણ એવા હાઈપર-સ્કેલ ડેટા સેન્ટર્સના ક્ષેત્રમાં પણ ભારત આગામી ૫ વર્ષમાં અભૂતપૂર્વ રોકાણ સાથે વૈશ્વિક સ્તરે મોખરાનું સ્થાન હાંસલ કરવા સજ્જ બન્યું છે. આ વૈજ્ઞાનિક ઉત્ક્રાંતિ અને યુવાધનના નવતર વિચારો જો સ્ટાર્ટઅપ્સ અને વ્યાવસાયિક સાહસોમાં રૂપાંતરિત થશે, તો જ વડાપ્રધાનશ્રીનું 'વિકસિત ભારત@૨૦૪૭' નું રાષ્ટ્રીય સ્વપ્ન સાકાર થશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડૉ. કલ્પેશ વાડરાએ કહ્યું હતું કે, આજે જુનિયર અને સિનિયર કેટેગરીના વિજેતાઓની સર્જનાત્મકતા જોતાં સ્પષ્ટ થાય છે કે ગુજરાતમાં ઈનોવેટિવ ઉદ્યોગસાહસિકોની ક્યારેય અછત નહીં રહે. આ સાથે જ, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (RRU) અને ગુજકોસ્ટ વચ્ચે રાજ્યવ્યાપી 'ડ્રોન લેબોરેટરી નેટવર્ક' ની સ્થાપના માટેના એક ઐતિહાસિક સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે, જે રાજ્યમાં શિક્ષણ, સુરક્ષા, કૌશલ્ય વિકાસ અને ઈનોવેશન ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા માટેનું એક મહત્વપૂર્ણ પગલું છે.




આજે આપણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, રોબોટિક્સ અને ડ્રોન જેવી ઉભરતી ટેકનોલોજીઓ દ્વારા સંચાલિત તકનીકી ક્રાંતિના સાક્ષી બની રહ્યા છીએ, જેમાં ડ્રોન સુશાસન, આર્થિક વિકાસ અને રાષ્ટ્રીય સુરક્ષાનું એક અનિવાર્ય હિસ્સો બની ગયું છે. ભારત સરકારે પ્રગતિશીલ સુધારાઓ દ્વારા દેશમાં એક મજબૂત ડ્રોન ઈકોસિસ્ટમનું નિર્માણ કર્યું છે, જે વૈશ્વિક સ્તરે સૌથી ઝડપથી વિકસતું બજાર છે. આ સંદર્ભમાં, ગુજકોસ્ટ અને રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી વચ્ચેની આ ભાગીદારી સમગ્ર ગુજરાતમાં 'હબ એન્ડ સ્પોક' મોડલ હેઠળ ડ્રોન ટ્રેનિંગ ઈકોસિસ્ટમ અને લેબોરેટરીઝનું નેટવર્ક ઊભું કરશે. આ પહેલ માત્ર પાઈલટ્સને તાલીમ આપવા પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે ભવિષ્ય માટે એક કુશળ કાર્યબળ, સંશોધકો અને ટેક્નોલોજી લીડર્સ તૈયાર કરીને ગુજરાતને ભારતના ટેક્નોલોજીકલ પરિવર્તનમાં અગ્રેસર રાખશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

નેશનલ રિસર્ચ ડેવલપમેન્ટ કોર્પોરેશન-NRDCના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી બિજયકુમાર સાહુએ જણાવ્યું હતું કે, આજે NRDC અને GUJCOST વચ્ચે કરવામાં આવેલ સમજૂતી કરાર એ માત્ર એક જોડાણ નથી, પરંતુ રાષ્ટ્ર નિર્માણ માટેના ઈનોવેશનને સહ-નિર્માણ અને સેલિબ્રેટ કરવાનો અવસર છે. NRDCનું લક્ષ્ય 'માઈન્ડ ટુ માર્કેટ' અને 'લેબ ટુ લેન્ડ' કનેક્ટિવિટી સ્થાપિત કરવાનું છે.

તેમણે વધુમાં કહ્યું કે, દેશની આયાતી ટેક્નોલોજી પરની નિર્ભરતા ઘટાડવા અને વડાપ્રધાનશ્રીના 'આત્મનિર્ભર ભારત'ના વિઝનને સાકાર કરવા માટે દેશમાં જ ટેકનોલોજીનું સર્જન કરવું ખૂબ અનિવાર્ય છે. કોઈ પણ સંસ્થા એકલા હાથે આ મોટું લક્ષ્ય પ્રાપ્ત કરી શકતી નથી. જ્યારે આપણે એકબીજાની શક્તિઓને પૂરક બનાવીને સાથે મળીને કામ કરીશું, ત્યારે જ મોટો બદલાવ લાવી શકાશે. વર્તમાન સમય જ્ઞાન આધારિત અર્થતંત્રનો છે. આપણે જ્ઞાનને માત્ર સ્વીકારવાનું જ નથી, પરંતુ તેનું યોગ્ય સંચાલન કરીને તેનું આર્થિક મૂલ્ય પણ ઊભું કરવાનું છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

ગુજકોસ્ટના ડિરેક્ટર જનરલ શ્રી દિગ્વિજયસિંહ ડી. જાડેજાએ કહ્યું હતું કે, 'રોબોફેસ્ટ ગુજરાત' એ ગુજરાત સરકારનો ફ્લેગશિપ પ્રોગ્રામ છે. આ પહેલ દ્વારા રાજ્યમાં સંશોધન આધારિત નવીનતા, ટેક્નોલોજી ટ્રાન્સલેશન, કુશળ માનવબળના વિકાસ તથા ટેક્નોલોજી આધારિત ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન મળશે. આજે કરવામાં આવનાર વિવિધ MOU થકી હજારો વિદ્યાર્થીઓને પ્રાયોગિક શિક્ષણ, એન્જિનિયરિંગ કૌશલ્યો, સંશોધન, ડિઝાઈન તથા ઉદ્યોગસાહસિકતાના ક્ષેત્રે આગળ વધવાની વધુ તક મળશે, તેમ જણાવી શ્રી જાડેજાએ સર્વે સ્પર્ધકોને શુભેચ્છાઓ પાઠવી હતી.

સાયન્સ એન્ડ ટેક્નોલોજી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાની ઉપસ્થિતિમાં GUJCOST અને નેશનલ રિસર્ચ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NRDC) વચ્ચે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ કરારના માધ્યમથી ટેક્નોલોજી ટ્રાન્સફર, સંશોધનના વ્યાવસાયિક ઉપયોગ, બૌદ્ધિક સંપદા સંરક્ષણ, લાઈસન્સિંગ સહાય તથા યુનિવર્સિટીઓ, સંશોધન સંસ્થાઓ, સ્ટાર્ટઅપ્સ અને MSMEs માટે ઉદ્યોગ-શૈક્ષણિક સહયોગને પ્રોત્સાહન આપવામાં આવશે. આ ઉપરાંત GUJCOST અને રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (RRU), ગાંધીનગર વચ્ચે રાજ્યવ્યાપી ડ્રોન લેબોરેટરી નેટવર્કની સ્થાપના માટે પણ સમજૂતી કરાર કરવામાં આવ્યો હતો.

આ વર્ષે યોજાનારી સ્પર્ધાની મુખ્ય થીમ "AI-Powered Robotics Innovation Challenge" રાખવામાં આવી છે. આ સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ્ય યુવા વિદ્યાર્થીઓમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને રોબોટિક્સના કૌશલ્યને પ્રોત્સાહન આપીને વૈશ્વિક સ્તરના સંશોધકો તૈયાર કરવાનો છે.

આ સ્પર્ધાના જુદા-જુદા તબક્કાઓમાં વિજેતા થનાર અને પ્રોટોટાઈપ બનાવનાર પ્રતિભાઓને પ્રોત્સાહિત કરવા માટે કુલ રૂ. ૦૫ કરોડની માતબર ઈનામી રકમ રાખવામાં આવી છે. આ સ્પર્ધા બે સ્તરોમાં યોજાશે, જેમાં જુનિયર લેવલમાં ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ, ITI અને ડિપ્લોમા અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ તેમજ સિનિયર લેવલમાં STEM (સાયન્સ, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને મેથ્સ) ક્ષેત્રમાં અભ્યાસ કરતા પ્રથમથી ત્રીજા વર્ષના અંડર ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આ સ્પર્ધાના બંને સ્તરે વિદ્યાર્થીઓએ ત્રણ ક્રમિક તબક્કાઓમાંથી પસાર થવાનું રહેશે. આગામી વર્ષ ૨૦૨૭ના સંભવિત ફેબ્રુઆરી માસમાં આ સ્પર્ધાનું ગ્રાન્ડ ફિનાલે યોજાશે અને સ્પર્ધકોને ઈનામ આપવામાં આવશે.

કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ 'રોબોફેસ્ટ ગુજરાત ૫.૦'ના વિજેતા વિદ્યાર્થીઓ દ્વારા વિકસાવવામાં આવેલા એવોર્ડ વિજેતા રોબોટ્સનું જીવંત પ્રદર્શન રહ્યું હતું. મંત્રીશ્રી સહિત ઉપસ્થિત મહાનુભાવો તથા વિદ્યાર્થીઓએ વિવિધ રોબોટિક સોલ્યુશન્સનું નિરીક્ષણ કરી વાસ્તવિક જીવનની સમસ્યાઓના ઉકેલમાં રોબોટિક્સના ઉપયોગનો અનુભવ કર્યો હતો. પ્રદર્શનમાં ભાગ લેનાર ટીમોની સર્જનાત્મકતા, ટેકનિકલ નિપુણતા અને નવીન વિચારસરણીને મહાનુભાવોએ બિરદાવી હતી.

GUJCOST ના સાયન્ટિફિક ઑફિસર શ્રી પાયલ પંડિતે આભારવિધિ કરી હતી.આ પ્રસંગે IACEના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી ઈ. રાજીવ સહિત સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના અધિકારી–કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા સ્પર્ધકો ઉપસ્થિત રહ્યા હતા. - જનક દેસાઈ/જીગર બારોટ

## આગ સામેની સુરક્ષા માત્ર કાગળ પર: સિટી હાઈડ્રન્ટ અને વોટર ફિલિંગ સિસ્ટમનું આયોજન ૩ વર્ષથી અટવાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા શહેરમાં આગ જેવી ગંભીર પરિસ્થિતિઓ દરમિયાન તાત્કાલિક પાણી ઉપલબ્ધ થાય તે માટે વડોદરા મહાનગરપાલિકા દ્વારા તૈયાર કરવામાં આવેલી મહત્વપૂર્ણ યોજનાઓ હજુ સુધી અમલમાં આવી નથી.

વર્ષ ૨૦૨૩માં બનાવવામાં આવેલી સિટી હાઈડ્રન્ટ અને નવી વોટર ફિલિંગ સિસ્ટમની યોજના ત્રણ વર્ષ બાદ પણ કાગળ પર જ સીમિત રહી છે. જેના કારણે શહેરની ફાયર સેફ્ટી વ્યવસ્થા સામે ફરી એકવાર સવાલો ઊભા થયા છે.

આગની ઘટનાઓ દરમિયાન ફાયર બ્રિગેડને ઝડપથી પાણી મળી રહે તે માટે મહાનગરપાલિકાએ મેઈન વોટર સપ્લાય લાઈનમાંથી સિટી હાઈડ્રન્ટ લાઈન સિસ્ટમ વિકસાવવાની યોજના બનાવી હતી. આ ઉપરાંત શહેરના વિવિધ તળાવો અને પાણીના સ્ત્રોતોમાંથી ફાયર ટેન્કરોમાં ઝડપથી પાણી ભરી શકાય તે માટે અલગ વોટર ફિલિંગ સિસ્ટમ ઉભી કરવાની પણ યોજના હતી.

પરંતુ ત્રણ વર્ષનો સમય પસાર થયા બાદ પણ આ બંને મહત્વપૂર્ણ યોજનાઓનો અમલ થયો નથી. શહેરમાં સતત આગના બનાવો બનતા રહે છે ત્યારે આવી વ્યવસ્થાઓ સમયસર કાર્યરત ન થવાથી તંત્રની કામગીરી સામે પ્રશ્નો ઊભા થયા છે.

બીજી તરફ, વડોદરા મહાનગરપાલિકાના ફાયર વિભાગના પાણીના ટેન્કરોની સ્થિતિ પણ ચિંતાજનક હોવાનું સામે આવ્યું છે. મોટાભાગના ફાયર ટેન્કરોમાં તળાવ અથવા અન્ય વૈકલ્પિક સ્ત્રોતમાંથી પાણી ખેંચવા માટે લગાવવામાં આવેલા પંપ હાલ બંધ હાલતમાં હોવાનું જાણવા મળી રહ્યું છે.

સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે વિશેષ મહાપૂજાનો પ્રારંભ કરવામાં આવ્યો છે

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સોમનાથ મહાદેવ મંદિરમાં કરશે 'સ્વાભિમાન પર્વ' વિશેષ મહાપૂજા, ૬૫મા જન્મદિવસે કર્યો વિશેષ સંકલ્પ

### સોમનાથમાં તમે ભારતની અપરાજિત ભાવનાનો અનુભવ કરશો, જેણે દરેક આંચકા છતાં પોતાની ઓળખ અને સંસ્કૃતિને અકબંધ રાખી છે: વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આજે તેમના ૬૫મા જન્મદિવસના અવસરે સોમનાથ મહાદેવના ચરણોમાં શીશ ઝુકાવીને એક વિશેષ સંકલ્પ લીધો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવેલ 'સોમનાથ સ્વાભિમાન પર્વ' અંતર્ગત વિશેષ મહાપૂજા માટે નોંધણી કરાવી છે.

મુખ્યમંત્રીશ્રીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર આ વિશે માહિતી આપતાં કહ્યું હતું કે, "આજે જન્મદિવસ પર પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવના વર્ચ્યુઅલ માધ્યમથી દર્શન કરી મહાપૂજામાં ભાગ લેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. મંદિર ટ્રસ્ટના પૂજારીશ્રીઓ દ્વારા શ્રી સોમનાથ મહાદેવનો રૂદ્રાભિષેક અને વિશેષ પૂજન સંપન્ન કરવામાં આવ્યા, તે ક્ષણો ખૂબ આસ્થામય બની રહી. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સોમનાથ ખાતે લોન્ચ કરેલ સ્વાભિમાન પર્વ વિશેષ મહાપૂજા માટે રજિસ્ટ્રેશન પણ કરાવ્યું છે. આ મહાપૂજા માટે સોમનાથ મંદિરે વ્યક્તિગત જઈને મહાદેવના દર્શનની મારી નેમ છે."

★શું છે 'સ્વાભિમાન પર્વ'?

આ વર્ષ સોમનાથ મંદિરના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે. સને ૧૦૨૬માં મંદિર પર થયેલા ભીષણ આક્રમણના ૧૦૦૦ વર્ષ અને ૧૯૫૧માં થયેલી મંદિરની પ્રાણ-પ્રતિષ્ઠાના ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે આ વિશેષ પર્વની ઉજવણી કરવામાં આવી છે. આ સાહસિક ગાથાને જીવંત રાખવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ 'મિલેનિયલ યજમાન' અભિયાનનો પ્રારંભ કરાવ્યો છે. આ અભિયાન અંતર્ગત સોમનાથ પર્વ વિશેષ મહાપૂજાની શરૂઆત કરવામાં આવી છે.

★સોમનાથમાં તમે ભારતની અપરાજિત ભાવનાનો અનુભવ કરશો, જેણે દરેક આંચકા છતાં પોતાની ઓળખ અને સંસ્કૃતિને અકબંધ રાખી છે: વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી

વડાપ્રધાનશ્રીએ કહ્યું છે, "હું મારા બધા દેશવાસીઓને આ શુભ પ્રસંગે પવિત્ર સોમનાથ ધામની મુલાકાત લેવા અને તેની ભવ્યતા જોવા વિનંતી કરું છું. જેમ જેમ તમે સોમનાથના કિનારે ઉભા રહેશો તેમ તેમ તમે તેના પ્રાચીન પડઘા તમારી અંદર અનુભવશો. ત્યાં તમે માત્ર ભક્તિ જ નહીં પરંતુ એક સભ્યતાની ચેતનાના શક્તિશાળી ધબકારાને પણ અનુભવશો જે ક્યારેય



બંધ થઈ નથી. જેની તીવ્રતા ક્યારેય ઓછી થઈ નથી. ત્યાં તમે ભારતની અપરાજિત ભાવનાનો અનુભવ કરશો, જેણે દરેક આંચકા છતાં પોતાની ઓળખ અને સંસ્કૃતિને અકબંધ રાખી છે. તમે સમજી શકશો કે આટલા પ્રયત્નો છતાં આપણી સભ્યતા કેમ નાશ પામી નથી. ત્યાં તમે શાશ્વત વિજયના દર્શનનો અનુભવ કરશો જે સદીઓથી ભારતની તાકાત રહી છે. મને વિશ્વાસ છે કે આ તમારા માટે એક અવિસ્મરણીય અનુભવ હશે."

★શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા 'સ્વાભિમાન પર્વ વિશેષ મહાપૂજા'નું ભવ્ય આયોજન

શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા 'સોમનાથ સ્વાભિમાન પર્વ' અંતર્ગત 'વિશેષ મહાપૂજા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ પૂજા શ્રદ્ધાળુઓ માટે આખો દિવસ સોમનાથ મહાદેવના પવિત્ર સાનિધ્યમાં પસાર કરવાનો એક અદભુત અવસર પૂરો પાડે છે. અતૂટ આસ્થાની આ ગૌરવ ગાથામાં ભક્તો સવારથી લઈને સાંજ સુધી વિવિધ ધાર્મિક વિધિઓમાં ભાગ લઈ શકશે

★પૂજા અને દર્શનનો દિવસભરનો કાર્યક્રમ:

મહાદેવના સાનિધ્યમાં પસાર થનારા આ દિવસની શરૂઆત સવારના પવિત્ર વાતાવરણમાં થાય છે:

★સંકલ્પ અને ધ્વજા પૂજા: સવારે ૦૮:૦૦ વાગ્યે પૂજાના પ્રધાન સંકલ્પ સાથે દિવસની શરૂઆત થાય છે. ત્યારબાદ ૦૮:૧૦ થી ૦૮:૩૦ સુધી ધ્વજા પૂજા કરવામાં આવે છે.

★પરિક્રમા અને અભિષેક: સવારે ૦૮:૩૫ થી ૦૮:૫૦ સુધી ઢોલ અને શરણાઈના નાદ સાથે ધ્વજા પરિક્રમા યોજાય છે. મહાદેવને દુગ્ધ, ધાન્ય અને ગંગાજળથી વિશેષ અભિષેક પણ કરવામાં આવે છે.

★શૃંગાર અને અર્પણ: પૂજારીજી દ્વારા મહાદેવને ધોતી, ઉપવસ્ત્ર, રુદ્રાક્ષની માળા, જનોઈ તેમજ માતા પાર્વતીને સાડી અને અખંડ શૃંગાર અર્પણ કરવામાં આવે છે. આ ઉપરાંત ભગવાનને ૧૦૦૮ બિલ્વપત્ર પણ ચડાવવામાં આવે છે.

★ગૌ પૂજન અને મહામૃત્યુંજય જાપ: સવારે ૦૯:૫૦ થી ૧૦:૦૦ દરમિયાન શ્રી સોમનાથ ટ્રસ્ટની ગૌશાળા ખાતે નંદી/ગૌ પૂજન અને સેવક પૂજન કરવામાં આવે છે. આ પૂજામાં બ્રાહ્મણો દ્વારા ૧૦૦૦ મહામૃત્યુંજય મંત્રના જાપનું પણ આયોજન છે.

★રાજભોગ અને બ્રાહ્મણ ભોજન: બપોરે ૧૧:૪૫ કલાકે ભક્તો રાજભોગ થાળના દર્શન કરી શકે છે. ત્યારબાદ બપોરે ૧૨:૩૦ કલાકે શ્રી અહલ્યાબાઈ મંદિર ભોજનશાળામાં બ્રાહ્મણ ભોજન કરાવવામાં આવે છે.

★દીપમાળા દર્શન: દિવસના અંતિમ ચરણમાં, સાંજની આરતી પૂર્વે ૦૬:૧૫ થી ૦૮:૦૦ વાગ્યા સુધી ભક્તોને દીપમાળા દર્શનનો અદભુત લ્હાવો મળે છે.

★યજમાનો માટે વિશેષ સન્માન અને સુવિધાઓ:

આ મહાપૂજાના સમયે યજમાનની છડી પુકારવામાં આવશે અને ચાંદીના અલગ-અલગ થાળમાં વસ્ત્ર, નૈવેદ્ય, પવિત્ર અભિષેક દ્રવ્ય અને ધ્વજાજીને અલંકૃત કરી સભામંડપમાં વિશેષ પૂજા કરવામાં આવશે. ટ્રસ્ટ દ્વારા યજમાન પરિવારને સાગર દર્શનમાં ૦૨ રૂમ, ચા, નાસ્તો અને ભોજનની સગવડ પૂરી પાડવામાં આવે છે. પૂજા માટે યજમાનને ધોતી અને ઉપવસ્ત્ર પણ આપવામાં આવે છે.

જો કોઈ યજમાન રૂબરૂ ન આવી શકે, તો ટ્રસ્ટ દ્વારા તેમના મોબાઈલ પર ઓનલાઈન લિંક મોકલવામાં આવશે, જેથી તેઓ ઘરે બેઠા પૂજામાં જોડાઈ શકે. વેરાવળ સ્ટેશન પર સવારે ૦૬ થી ૦૭ વાગ્યા વચ્ચે આવતી બે ટ્રેનોના યજમાનો માટે સોમનાથ પહોંચવા ફ્રી ટ્રાન્સપોર્ટની સુવિધા પણ ગોઠવવામાં આવી છે.

★રજીસ્ટ્રેશન માટેની માહિતી:

આ પવિત્ર મહાપૂજામાં ભાગ લેવા ઈચ્છતા ભક્તો ઓનલાઈન somnath.org પર જઈને નોંધણી કરાવી શકે છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# તાપી જિલ્લામાં ડમી વિદ્યાર્થીઓનુ મોટુ કૌભાંડઃ નોકરી બચાવવા શિક્ષકોએ ઉભા કર્યા ભુતિયા વિદ્યાર્થીઓઃ કૌભાંડ રાજયવ્યાપી હોવાની આશંકા

પ્રતિનિધિ,ગાંધીનગર

તાપી જિલ્લાની એક સરકારી અનુદાનિત (ગ્રાન્ટેડ) શાળામાં ડમી વિદ્યાર્થીઓ દર્શાવવા , ખોટી હાજરી પુરવી અને સરકારી ગ્રાન્ટમાં ગેરરીતી આચરવાના મામલે આરટીઆઈ અરજદારે પ્રથમ અપીલ સત્તાધારી સમક્ષ ગંભીર આરોપો કર્યા છે. અરજદારે લેખિત રજુઆત કરીને જણાવ્યુ છે કે શાળાના ઓનલાઈન પોર્ટલ પર વરસો સુધી આભાસી વિદ્યાર્થીઓના નામે હાજરી દર્શાવીને સરકારી નાણાંની છેતરપીંડી કરવામાં આવી છે. તેમ છતાં શિક્ષણ વિભાગના અધિકારીઓ આ બાબતે યોગ્ય તપાસ કરવામાં નિષ્ફળ રહ્યા છે.

અરજદારે દાવો કર્યો છે કે અગાઉ થયેલી તપાસમાં ધરણી હાઈસ્કુલ ડોલારામા વ્યાપક ગેરરીતીઓ અને બોગસ વિદ્યાર્થીઓ હોવાનો અહેવાલ સામે આવ્યો હતો. તેમ છતાં માહિતી અધિકાર (આરટીઆઈ) હેઠળ માંગવામાં આવેલી માહિતી અંગે જાહેર માહિતી અધિકારી (પીઆઈઓ) દ્વારા માહિતી ઉપલબ્ધ નથી તેવો જવાબ આપવામાં આવ્યો છે. જે કાયદાની જોગવાઈઓનુ સીધુ ઉલ્લંઘન છે. અપીલમાં વધુમાં આરોપ મુકવામાં આવ્યો છે કે શાળાના કેટલાક શિક્ષકોએ પોતાની નોકરી કાયમી કરવા અને પુરો પગાર મેળવવા માટે વિદ્યાર્થીઓના દસ્તાવેજોનો દુરુપયોગ કરીને ઓનલાઈન રેકોર્ડમાં ફેરફાર કર્યા હતા. અરજદારે આ સમગ્ર પ્રકરણને પૂર્વ આયોજીત ષડયંત્ર ગણાવી સાયબર કાઈમ, દસ્તાવેજોની બનાવટ અને સરકારી રેકોર્ડ સાથે ચેડા અંગે સ્વતંત્ર તપાસની માંગ કરી છે. તેમણે દોષિત શિક્ષકોને સસ્પેન્ડ કરવા, શિક્ષકો વિરૂધ્ધ ફોજદારી ફરીયાદ નોંધાવવા તેમજ સમગ્ર કૌભાંડની તપાસ માટે વિશેષ તપાસ ટીમ (એસઆઈટી) ની રચના કરવાની માંગણી કરી છે. આ ઉપરાંત રાજયના શિક્ષણ વિભાગ, કેન્દ્ર સરકાર અને બાળ અધિકાર આયોગને પણ આ મામલે લેખિત જાણ કરવામાં આવી છે.




મહત્વનુ છે કે તાપી જિલ્લાના ડોલારા ગામની બ્રધરન હાઈસ્કુલમાં ધોરણ ૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આભાસી, ભુતિયા અને ડમી વિદ્યાર્થીઓના નામે ગેરરીતી આચરવામાં આવતી હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. ફરીયાદ અનુસાર વિદ્યાર્થીઓ શાળામાં ગેરહાજર હોવા છતાં વર્ગ શિક્ષકો દ્વારા હાજરી પત્રકમાં તેમની ખોટી હાજરી પુરવામાં આવે છે અને પરીક્ષાના પેપર પણ અન્ય લોકો પાસે લખાવવામાં આવે છે. કેટલાક વિદ્યાર્થીઓ વરસોથી અભ્યાસ છોડીને ઘરકામ કે ખેતી કામ સાથે સંકળાયેલા હોવા છતાં તેમના નામ શાળાના રેકોર્ડમાં ચાલુ રાખવામાં આવ્યા છે. ફરીયાદીએ આ સમગ્ર મામલે જીણવટભરી તપાસ કરી દોષિતો વિરૂધ્ધ કડક પગલા લેવાની માંગ કરી છે.

# ચાલુ વરસે ગુજરાતમાં દુષ્કાળ પડશે ? અલ-નીનો પર યુરોપીયન એજન્સીનો ડરાવનારો રીપોર્ટ

પ્રતિનિધિ,ગાંધીનગર

ભારતમાં ચાલુ વરસે ચોમાસા પર અલ નીનો નુ સંકટ ઘેરાઈ રહ્યુ છે. યુરોપીયન સેન્ટર ફોર મીડીયમ રેન્જ વેધર ફોર કાસ્ટ્સ (ઈસીએમડબલ્યુએફ) ના તાજેતરના અહેવાલે ચિંતામાં મોટો વધારો કર્યો છે.



રીપોર્ટ અનુસાર આગામી ૩ મહિના (ઓગસ્ટ,સપ્ટેમ્બર અને ઓકટોબર) દરમિયાન દેશના મોટા ભાગના વિસ્તારોમાં સામાન્ય કરતા ઘણો ઓછો વરસાદ નોંધાઈ શકે છે. જુન મહિનાના અંદાજની સરખામણીએ જુલાઈના મોડલ રનમાં વરસાદની સ્થિતિ વધુ ચિંતાજનક દર્શાવવામાં આવી છે. યુરોપીયન એજન્સીના સી-૩ એસ મલ્ટી સિસ્ટમ ફોર કાસ્ટ્સ રીપોર્ટ મુજબ મધ્ય અને પશ્ચિમ ભારતમાં વરસાદ સામાન્ય થી ઘણો ઓછો રહેવાની સંભાવના ૪૦ થી ૬૦ ટકા જેટલી છે. આ સંકટની સૌથી સીધી અસર ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, આંધ્ર પ્રદેશ, તેલંગાણા અને કર્ણાટક જેવા રાજયો પર જોવા મળશે. આ વિસ્તારોમાં વરસાદનુ પ્રમાણ સૌથી નીચલા સ્તરે રહેવાની આશંકા છે.

સામાન્ય રીતે હિંદ મહાસાગરમાં સક્રિય થતો ઈન્ડીયન ઓશન ડાયપોલ (આઈઓડી) અલ-નીનો ની નકારાત્મક અસરોને કાબુમાં રાખે છે. પરંતુ આ વખતે આઈઓડી અત્યંત નબળો છે અને તે મોડો સક્રિય થઈ રહ્યો છે. આ ગેરહાજરીના કારણે અલ નીનો વધુ શકિતશાળી બનશે. વિશ્વ હવામાન સંગઠન (ડબલ્યુએમઓ) અને એનઓએએ ના ડેટા દર્શાવે છે કે જયારે પણ મજબુત અલ નીનો સક્રિય થયો છે. ત્યારે ભારતમાં સરેરાશ ૧૦ થી ૨૦ ટકા વરસાદ ની ઘટ રહી છે. વર્ષ ૨૦૨૬ માં આ અસર અગાઉની ધારણા કરતા વધુ તીવ્ર દેખાઈ રહી છે.

જેમાં ખેતીને મોટો ફટકો પડી શકે છે. ઓગસ્ટ અને સપ્ટેમ્બર માં વરસાદ ન થવાથી ડાંગર, સોયાબીન, કપાસ અને મકાઈ જેવા ખરીફ પાકોને ભારે નુકશાન થઈ શકે છે. ગુજરાત અને રાજસ્થાન જેવા રાજયોમાં શિયાળુ પાક માટે પણ પાણીની તંગી સર્જાશે. તો બીજી તરફ જળાશયો થશે ખાલી, ડેમો અને તળાવોમાં પાણીનુ સ્તર ઘટવાથી પીવાના પાણી અને સિંચાઈ માટે કટોકટી સર્જાઈ શકે છે. જીડીપી પર પણ અસર પડી શકે છે. ભારતનુ અર્થતંત્ર કૃષિ પર નિર્ભર હોવાથી, આ નબળા ચોમાસાને કારણે દેશના જીડીપી ગ્રોથ રેટ માં ૦.૫ ટકા થી ૧ ટકા સુધીનો ઘટાડો આવી શકે છે.

જો કે હવામાન નિષ્ણાંતોનુ કહેવુ છે કે લાંબા ગાળાની આગાહીઓમાં ફેરફાર શકય છે. જો આગામી દિવસોમાં આઈઓડી અચાનક મજબુત બને તો સ્થિતિમાં થોડો સુધારો આવી શકે છે. તેમ છતાં અત્યારની પરિસ્થિતિ જોતા સરકારે અને ખેડુતોએ અત્યાર થી જ પાણીના સંગ્રહ અને વૈકલ્પિક વ્યવસ્થાઓ માટે સજ્જ થવુ અનિવાર્ય બન્યુ છે.

# પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠનની અધ્યક્ષા શ્રીમતી સુજાતા પાંડેનો ભાવનગર મંડળમાં પ્રથમ આગમન

પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠનની અધ્યક્ષા શ્રીમતી સુજાતા પાંડે આજે ભાવનગર મંડળના પ્રથમ પ્રવાસે પધાર્યા હતા. આ અવસરે પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન, ભાવનગર મંડળની અધ્યક્ષા શ્રીમતી શાલિની વર્માએ તેમને પુષ્પગુચ્છ અર્પણ કરીને આત્મીય સ્વાગત અને અભિનંદન પાઠવ્યા.

તેમના પ્રવાસ દરમિયાન શ્રીમતી સુજાતા પાંડે સૌપ્રથમ કિડ્સ હટ સ્કૂલની મુલાકાત લીધી. તેમણે શાળાની શૈક્ષણિક, સહ-પાઠ્યક્રમ તથા અન્ય પ્રવૃત્તિઓનું અવલોકન કર્યું અને ઉપલબ્ધ શૈક્ષણિક સુવિધાઓ, સ્વચ્છ અને સુવ્યવસ્થિત પરિસર તેમજ શિસ્તબદ્ધ વાતાવરણની પ્રશંસા કરી. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે થઈ રહેલા પ્રયત્નોની સરાહના કરતાં તેમણે શિક્ષકો અને સમગ્ર શાળા પરિવારને પ્રોત્સાહિત કર્યા.

ત્યારબાદ શ્રીમતી સુજાતા પાંડે દ્વારા નવ નિર્મિત બાળ ઉદ્યાનનું ફિતા કાપીને ઉદ્ઘાટન કરવામાં આવ્યું તેમજ બાલ મંદિર સ્કૂલના પુનઃનિર્મિત ભવનનું લોકાર્પણ કરીને તેને વિદ્યાર્થીઓને સમર્પિત કરવામાં આવ્યું. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓએ દેશભક્તિ અને સાંસ્કૃતિક કાર્યક્રમોની મનમોહક રજૂઆતો કરી. શ્રીમતી સુજાતા પાંડે વિદ્યાર્થીઓની પ્રતિભા, શિસ્ત અને આત્મવિશ્વાસની મુક્તકંઠે પ્રશંસા કરી, તેમને ઉપહાર અર્પણ કર્યા તથા તેમના ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી. પોતાના સંબોધનમાં શ્રીમતી સુજાતા પાંડે એ ભાવનગર મંડળ દ્વારા કરવામાં આવેલી ઉત્તમ આયોજન વ્યવસ્થા અને સુચારુ આયોજનની પ્રશંસા કરતાં જણાવ્યું કે શાળાના શિક્ષકોનું સમર્પણ અને બાળકોના સર્વાંગી વિકાસ માટે થઈ રહેલા પ્રયાસો અત્યંત પ્રેરણાદાયી છે. તેમણે જણાવ્યું કે ગુણવત્તાસભર શિક્ષણ, સારા સંસ્કાર અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ બાળકોના વ્યક્તિત્વ નિર્માણ સાથે સમાજના ઉજ્જ્વળ ભવિષ્યના નિર્માણમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.



આ પ્રસંગે પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન, ભાવનગર મંડળની અધ્યક્ષા શ્રીમતી શાલિની વર્માએ પોતાના સ્વાગત સંબોધનમાં શ્રીમતી સુજાતા પાંડેનું હાર્દિક સ્વાગત કરતાં વિશ્વાસ વ્યક્ત કર્યો કે તેમના કુશળ નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ મહિલા તથા બાળ કલ્યાણ સંબંધિત પ્રવૃત્તિઓને નવી દિશા, નવી ઊર્જા અને વધુ ગતિ મળશે.

સમગ્ર કાર્યક્રમ ગૌરવપૂર્ણ, ઉત્સાહભર્યા અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સફળતાપૂર્વક સંપન્ન થયો. આ અવસરે પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન, ભાવનગર મંડળની ઉપાધ્યક્ષા, સચિવ અને સમિતિની સભ્યાઓ ઉપરાંત કિડ્સ હટ સ્કૂલ અને બાલ મંદિર સ્કૂલના પ્રાચાર્ય, શિક્ષકગણ, કર્મચારીઓ, વાલીઓ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા.

### જવાનો અને યુવાશક્તિએ દાખવ્યો અભૂતપૂર્વ ઉત્સાહઃ ૭૫૩ યુનિટ રક્ત એકત્ર થયું

# લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવીજીના જન્મદિવસે લોકભવન ખાતે રક્તદાન શિબિરનું આયોજન

ગાંધીનગર સ્થિત લોકભવન ખાતે જન્મદિવસને માત્ર એક ઉત્સવ તરીકે નહીં, પરંતુ માનવતા અને જનસેવાના પવિત્ર યજ્ઞ તરીકે ઉજવવાની એક સુદ્રઢ પરંપરા પ્રસ્થાપિત થયેલી છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવીજીના જન્મદિને યોજાતા સેવાકાર્યોની આ કડીને અવિરત આગળ ધપાવતા, આ વર્ષે પણ લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવીજીના જન્મદિવસના શુભ અવસરે લોકભવન પરિસરમાં રક્તદાન શિબિરનું ગરિમાપૂર્ણ આયોજન કરવામાં આવ્યું હતું.



રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી તથા લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવીજીએ આ બ્લડ ડોનેશન કેમ્પની મુલાકાત લીધી હતી. તેમણે રક્તદાન કરી રહેલા સુરક્ષા જવાનો, વિદ્યાર્થીઓ અને નાગરિકો પ્રત્યે આભાર વ્યક્ત કરી તેમનો ઉત્સાહ વધાર્યો હતો.

રાજ્યપાલશ્રી અને લેડી ગવર્નરશ્રી પ્રત્યે પોતાનો સ્નેહ અને આદર પ્રગટ કરવા માટે મોટી સંખ્યામાં રક્તદાતાઓ ઉમટી પડ્યા હતા, જેના પરિણામે કુલ ૭૫૩ યુનિટ જેટલો વિશાળ રક્તનો જથ્થો એકત્રિત થયો હતો. આ એકત્રિત થયેલું રક્ત અંદાજીત ૨,૨૫૯ જેટલા જરૂરિયાતમંદ દર્દીઓને નવજીવન આપવા માટે મદદરૂપ સાબિત થશે.

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી - ગુજરાત શાખા, ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, સિવિલ હોસ્પિટલ અમદાવાદ, સિવિલ હોસ્પિટલ ગાંધીનગર, યુ.એન. મહેતા હોસ્પિટલ, મેડિકલ કોલેજ, સોલા સહિતની સંસ્થાઓના સૌજન્યથી આયોજિત આ રક્તદાન શિબિરમાં અમદાવાદ-ગાંધીનગર-સોલા સિવિલ, ગૂજરાત વિદ્યાપીઠ, ગણપત યુનિવર્સિટી, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી, કેળવણી ધામ - નિકોલ તથા અન્ય વિદ્યાર્થીઓ, બી.એસ.એફ, એરફોર્સ, સી.આર.પી.એફ. તથા કોસ્ટગાર્ડના જવાનો, સૈનિક વેલ્ફેર બોર્ડના સદસ્યો, ગ્રામ વિકાસ એજન્સીના યુવાઓ, આયુર્વેદિક ડોક્ટર્સ તેમજ સ્વયંસેવી સંસ્થાઓના સ્વયંસેવકોએ ઉત્સાહપૂર્વક રક્તદાન કર્યુ હતું. લાયન્સ કલબ ઓફ અમદાવાદ હોસ્ટમેન અને એ.ડી.સી. બેંક દ્વારા રક્તદાતાઓને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું. આ બ્લડ કેમ્પનું લોકભવનના અગ્ર સચિવ શ્રી અશોક શર્મા તથા ગૃહ નિયામક શ્રી એ. કે. જોશી દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું તથા તેનું સંચાલન લોકભવનના ચિકિત્સક ડૉ. શશાંક સિમ્પીએ કર્યું હતું.આ રક્તદાન શિબિરમાં ચંદીગઢથી આવેલા રણદીપસિંહ બટ્ટાએ તેમના જીવનનું ૨૦૦મું રક્તદાન કર્યુ હતું. રાજ્યપાલશ્રી તથા લેડી ગવર્નરશ્રીએ તેમને અભિનંદન પાઠવ્યા હતા. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવીજીએ વહેલી સવારે લોકભવન પરિસરમાં આવેલી યજ્ઞશાળામાં હવન કરીને રાજ્ય સહિત દેશની પ્રગતિ થાય તથા તમામ લોકો સુખ સમૃદ્ધિ મેળવે તેવી યાચના કરી હતી.

# સચિવાલયમાં અધિકારીઓની સંખ્યામાં વધારો; સરકારી કામકાજ અને ફાઈલોના નિકાલમાં આવશે વધુ ઝડપ

**રાજ્ય સરકારે સેક્શન ઑફિસરના ૨૮ નવા પદોને મંજૂરી આપી; મુખ્યમંત્રી કાર્યાલય સહિત ૨૬ વિભાગો અને ૧૯ કચેરીઓને મળશે વધારાનું કાર્યબળ**

રાજ્ય સરકારે વહીવટી કામગીરીને વધુ ઝડપી અને કાર્યક્ષમ બનાવવા સચિવાલય સંવર્ગમાં સેક્શન ઑફિસર (વર્ગ-૨)ના પદોની સંખ્યામાં વધારો કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. સામાન્ય વહીવટ વિભાગ (જીએડી)ના ઠરાવ મુજબ સેક્શન ઑફિસરના મંજૂર પદો ૬૦૬થી વધારીને ૬૩૪ કરવામાં આવ્યા છે. આ નિર્ણયથી સરકારી ફાઈલોના નિકાલની ગતિ વધશે, નીતિગત નિર્ણયોનું અમલીકરણ ઝડપી બનશે અને સામાન્ય નાગરિકોના કામો ઓછા સમયમાં પૂર્ણ થઈ શકશે.

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ લેવાયેલા આ નિર્ણય અનુસાર નવી કૅડર રચનામાં મુખ્યમંત્રી કાર્યાલય (સીએમઓ) સહિત રાજ્યના ૨૬ વિભાગો અને ૧૯ કચેરીઓમાં વધારાનું કાર્યબળ મળશે. આ ઉપરાંત; મુખ્યમંત્રી કાર્યાલય, ગુજરાત તકેદારી પંચ, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ સહિતની કેટલીક મહત્વની કચેરીઓ માટે હંગામી પદો તથા ડેપ્યુટેશન રિઝર્વની પણ જોગવાઈ કરવામાં આવી છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં વધતી વહીવટી જવાબદારીઓ અને ફાઈલોના ભારને ધ્યાનમાં રાખીને કૅડર સ્ટ્રેન્થની સમીક્ષા કરવામાં આવી રહી હતી. તેના આધારે પદોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે, જેથી વિભાગો વચ્ચે નિર્ણય પ્રક્રિયા વધુ સુવ્યવસ્થિત અને સમયબદ્ધ બની શકે. નોંધનીય છે કે રાજ્ય સરકારે ચાલુ વર્ષ દરમિયાન સચિવાલય સંવર્ગના ૮૬ નાયબ સેક્શન અધિકારીઓ (વર્ગ-૩)ને બઢતી આપી સેક્શન ઑફિસર (વર્ગ-૨) તરીકે નિયુક્ત કર્યા છે. નવા પદો અને બઢતીના કારણે સચિવાલયમાં અધિકારીઓની ઉપલબ્ધતા વધશે, જેના પરિણામે ફાઈલોના નિકાલની પ્રક્રિયામાં ગતિ આવશે અને સરકારી સેવાઓ વધુ કાર્યક્ષમ બનશે. વધતા વિકાસલક્ષી પ્રોજેક્ટ, નવી યોજનાઓ અને વિભાગીય કામગીરીના વધતા વ્યાપને ધ્યાનમાં રાખીને લેવાયેલો આ નિર્ણય રાજ્યના વહીવટી તંત્રને વધુ મજબૂત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે. - કન્હૈયા કોષ્ટી

### રેલવે સુવિધાઓના વિસ્તાર અને યાત્રીઓના હિતો સાથે જોડાયેલા વિવિધ પ્રસ્તાવો પર ચર્ચા થઈ

# ડીઆરએમ શ્રી વેદ પ્રકાશ એ કટોસણ રોડ વિસ્તારના જનપ્રતિનિધિઓ અને વ્યાપારી સંગઠનોના પ્રતિનિધિઓ સાથે બેઠક કરી

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના મંડળ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશ એ કટોસણ રોડ વિસ્તારના જનપ્રતિનિધિઓ, વ્યાપારી સંગઠનો અને સ્થાનિક પ્રતિનિધિઓ સાથે બેઠક કરીને વિસ્તારની રેલવે સુવિધાઓ સંબંધિત વિવિધ માંગણીઓ અને સૂચનો પર વિગતવાર ચર્ચા કરી. બેઠક દરમિયાન પ્રતિનિધિમંડળે કટોસણ રોડ રેલવે સ્ટેશન અને ઉત્તર ગુજરાત વિસ્તારના યાત્રીઓની સુવિધાને ધ્યાનમાં રાખતા નીચે મુજબની મુખ્ય માંગણીઓ અને સૂચનો ડીઆરએમ સમક્ષ રજૂ કર્યા - કટોસણ રોડ રેલવે સ્ટેશન પરથી પસાર થતી સાપ્તાહિક એક્સપ્રેસ/સુપરફાસ્ટ ટ્રેનોમાંથી ટ્રેન સંખ્યા ૧૯૨૭૧/૧૯૨૭૨ ભાવનગર-હરિદ્વાર એક્સપ્રેસનું કટોસણ રોડ સ્ટેશન પર ૨ મિનિટનું સ્ટોપેજ આપવામાં આવે.




સાબરમતી-રણુજ મેમુ સેવાને ચાંદખેડા, ખોડિયાર, કલોલ, કડી, કટોસણ રોડ અને બહુચરાજી થઈને સંચાલિત કરવામાં આવે તથા તેને સવાર, બપોર અને સાંજના સમયે ચલાવવાની વ્યવસ્થા કરવામાં આવે, જેથી બહુચરાજી આવતા લાખો શ્રદ્ધાળુઓ અને સ્થાનિક યાત્રીઓને સુવિધા મળી શકે.

રણુજ-બહુચરાજી-કટોસણ રોડ-કડી-કલોલ-સાબરમતી-સૂરત-વાપી વચ્ચે નવી પેસેન્જર ટ્રેન શરૂ કરવાનો પ્રસ્તાવ.

મહેસાણા-કટોસણ રોડ-વિરમગામ ટ્રેનને આગળ ઓખા સુધી લંબાવવાનું સૂચન.

કટોસણ રોડ જંક્શન રેલવે સ્ટેશન પર આરક્ષણ ક્વોટા (પીઆરએસ) ઉપલબ્ધ કરાવવામાં આવે, જેથી યાત્રીઓને રિઝર્વેશન માટે મહેસાણા અથવા કડી સુધી યાત્રા ન કરવી પડે.

કટોસણ રોડના લેવલ ક્રોસિંગ સંખ્યા ૨૯ પર રોડ ઓવર બ્રિજ (આરઓબી) નું નિર્માણ કરાવવામાં આવે, જેથી ટ્રાફિક જામની સમસ્યાનું કાયમી નિવારણ થઈ શકે.

કટોસણ રોડ જંક્શન રેલવે સ્ટેશન પર પ્લેટફોર્મ સંખ્યા-૧ પર યાત્રીઓને બેસવા માટે રેલિંગ અને અન્ય જરૂરી યાત્રી સુવિધાઓ વિકસાવવામાં આવે.

પ્રતિનિધિમંડળે એ બાબતથી પણ માહિતગાર કર્યા કે મીટર ગેજના સમયે કટોસણ રોડ જંક્શન પરથી ૨૨ થી વધુ ટ્રેનોનું સંચાલન થતું હતું, જ્યારે વર્તમાનમાં માત્ર બે ટ્રેનોનું સંચાલન થઈ રહ્યું છે. તેમણે સ્ટેશનના ભૂતકાળના મહત્વને ધ્યાનમાં રાખીને રેલવે સેવાઓ વધારવા માટે વિનંતી કરી.

બેઠક દરમિયાન ડીઆરએમ શ્રી વેદ પ્રકાશ એ પ્રતિનિધિમંડળ દ્વારા પ્રસ્તુત તમામ માંગણીઓ અને સૂચનોને ગંભીરતાથી સાંભળ્યા તથા ખાતરી આપી કે જે પ્રસ્તાવોનો સંબંધ મંડળ સ્તર સાથે છે, તેમનું નિયમાનુસાર પરીક્ષણ કરવામાં આવશે અને જે બાબતોમાં ઉચ્ચ સ્તરની મંજૂરી અપેક્ષિત છે, તેમને જરૂરી ભલામણ સહિત રેલવેના સક્ષમ સત્તાધિકારીને મોકલવામાં આવશે. તેમણે કહ્યું કે પશ્ચિમ રેલવે યાત્રીઓની સુવિધાઓના વિસ્તરણ તેમજ પ્રાદેશિક જરૂરિયાતોને અનુરૂપ રેલવે સેવાઓના વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે અને પ્રાપ્ત થયેલા સૂચનોનું વ્યવહારિક તથા રેલવેની જોગવાઈઓ અનુસાર પરીક્ષણ કરવામાં આવશે.

# અમદાવાદના રસ્તા પર ફરી એક ગમખ્વાર અકસ્માત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના બાકરોલ ચોકડી નજીક બુધવારે એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. ટ્રક અને આઈસર વચ્ચે થયેલી ભયાનક ટક્કરમાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું, જ્યારે બે લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે બંને વાહનોને ભારે નુકસાન થયું હતું અને વાહનોના આગળના ભાગના કુરચા નીકળી ગયા હતા.

પ્રાથમિક માહિતી મુજબ, બાકરોલ ચોકડી નજીક પસાર થઈ રહેલી ટ્રક અને આઈસર વચ્ચે સામસામે અથડામણ થઈ હતી. ટક્કરની તીવ્રતા એટલી વધારે હતી કે વાહનોના ભાગો રસ્તા પર વિખેરાઈ ગયા હતા. અકસ્માત બાદ આસપાસના લોકો તરત જ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને બચાવ કામગીરી શરૂ કરી હતી.

ઘટનાની જાણ થતાં જ પોલીસ અને ઈમરજન્સી સેવા ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. સ્થાનિક લોકોની મદદથી વાહનોમાં ફસાયેલા ઈજાગ્રસ્તોને બહાર કાઢવામાં આવ્યા હતા.

ત્યારબાદ ગંભીર રીતે ઘાયલ થયેલા બે લોકોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની હાલત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે.

અકસ્મતના કારણે હાઈવે પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી. રોડની વચ્ચે અકસ્માતગ્રસ્ત વાહનો પડ્યા હોવાથી વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. પોલીસે ઘટનાસ્થળે પહોંચી ક્રેનની મદદથી બંને વાહનોને હટાવી ટ્રાફિક વ્યવસ્થા ફરીથી સામાન્ય કરવાની કામગીરી હાથ ધરી હતી.

પોલીસે આ મામલે અકસ્માતનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં અકસ્માત પાછળનું ચોક્કસ કારણ સામે આવ્યું નથી. વાહનોની ગતિ, ચાલકોની બેદરકારી અથવા અન્ય કોઈ કારણોસર અકસ્માત સર્જાયો કે કેમ તેની તપાસ કરવામાં આવી રહી છે.

અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં વધી રહેલા માર્ગ અકસ્માતોને પગલે વાહનચાલકોમાં સુરક્ષા અંગે ચિંતા વધી રહી છે. ખાસ કરીને હાઈવે અને મુખ્ય માર્ગો પર ભારે વાહનોની અવરજવર દરમિયાન વધુ સાવચેતી રાખવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. પોલીસ દ્વારા પણ વાહનચાલકોને ટ્રાફિક નિયમોનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.

**પશ્ચિમ રેલ્વે**

**વિદ્યુત કાર્ય**

Sr.DEE/P/BCT દ્વારા ઇ-ટેન્ડર સૂચના નં. EL-81-36-412-WA-13 તારીખ: 13-07-2026. કાર્ય અને સ્થાન: વલસાડ - ઇલેક્ટ્રિકલ (પાવર) કાર્ય વલસાડ ગુડ્સ શેડ ખાતે 400 x 15 મીટર ઊંચાઇના કવર શેડની જોગવાઇ. અંદાજિત ખર્ચ: ₹1,34,93,001/-. EMD: ₹2,69,900/-. સબમિશન તારીખ અને સમય: તા.07.08.2026 ના 15:00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા.07.08.2026 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0362

અમને લાઇક કરો: facebook.com/WesternRly

# ગૃહિણીઓનું બજેટ ખોરવાયુંઃ તહેવારોની સિઝન શરૂ થતાં જ ખાદ્યતેલના ભાવમાં વધારો

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

સાતમ-આઠમ સહિતના તહેવારોની સિઝન શરૂ થતાં જ રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં ખાદ્યતેલના ભાવમાં સતત વધારો નોંધાયો છે. છેલ્લા પંદર દિવસમાં સિંગતેલ, કપાસિયા તેલ તેમજ અન્ય ખાદ્યતેલોના ભાવમાં થયેલા વધારાના કારણે સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારોના રસોડાના બજેટ પર સીધી અસર પડી છે. મોંઘવારીના વધતા બોજ વચ્ચે તહેવારોની તૈયારીઓ કરી રહેલા ગ્રાહકો માટે આ ભાવવધારો ચિંતાનો વિષય બન્યો છે. બજારના વેપારીઓના જણાવ્યા અનુસાર મગફળીની ઓછી આવક અને બજારમાં પૂરતા પ્રમાણમાં જથ્થો ઉપલબ્ધ ન હોવાના કારણે સિંગતેલના ભાવમાં સતત તેજી જોવા મળી રહી છે. દર વર્ષે તહેવારો નજીક આવતા ખાદ્યતેલની માંગમાં વધારો થતો હોય છે, જેના કારણે ભાવમાં પણ વધારો નોંધાય છે. આ વર્ષે પણ એ જ સ્થિતિ સર્જાતા ગ્રાહકોને વધારાનો આર્થિક બોજ સહન કરવો પડી રહ્યો છે. તાજેતરના બજારભાવ મુજબ ૧૫ કિલોના સિંગતેલના ડબ્બામાં રૂ. ૫૦નો વધારો થતાં તેનો ભાવ હવે રૂ. ૨,૮૨૦ સુધી પહોંચી ગયો છે. બીજી તરફ કપાસિયા તેલના ૧૫ કિલોના ડબ્બામાં રૂ. ૩૦નો વધારો થતાં તેનો ભાવ રૂ. ૨,૬૭૦ થયો છે. ઉપરાંત પામોલીન, સૂર્યમુખી અને મકાઈના તેલના ભાવમાં પણ વધારો નોંધાતા ગ્રાહકો માટે કોઈ વિકલ્પ સસ્તો રહ્યો નથી.વેપારીઓનું માનવું છે કે જો સરકારની સંસ્થા નાફેડ પોતાના ગોડાઉનમાં રહેલો મગફળીનો અનામત જથ્થો ખુલ્લા બજારમાં મૂકે, તો સિંગતેલના ભાવમાં રાહત મળી શકે છે. પૂરતો પુરવઠો ઉપલબ્ધ થતાં બજારમાં ભાવ સ્થિર થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ભાવવધારાની સીધી અસર ગૃહિણીઓના માસિક બજેટ પર પડી છે.

# ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ બન્યુ ભ્રષ્ટાચારનો અખાડો: પંચાયત વિભાગના વડા ધનંજય દ્વિવેદી ની કામગીરી સામે ઉઠયા સવાલો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારનો એક મહત્વનુ સાહસ ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ ભ્રષ્ટાચાર અને કૌભાંડોથી ખદબદી રહ્યુ હોવાની ભોગ બનનાર પંકજ રામાનંદીએ જણાવ્યુ છે. વધુમાં આ સમગ્ર કૌભાંડ કરનાર બિલ્ડર (૧) ચંદુભાઈ ભીખાભાઈ પ્રજાપતિ (૨) દિપકભાઈ ઈશ્વરભાઈ પટેલ (૩) કલ્પેશભાઈ આઈ પટેલ ત્રણેય ત્રિપુટીને પંચાયત વિભાગના વડા ધનંજય દ્વિવેદી છાવરી રહ્યા હોવાનો પંકજ રામાનંદીએ આક્ષેપ કર્યો છે.

આ ત્રણેય ત્રિપુટી બિલ્ડરોએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના મતવિસ્તાર ઘાટલોડીયાના ભાડજ ગામે સરકારી તંત્ર સાથે મીલીભગત કરી કરોડો રૂપીયાના આવાસના મકાનો રાતોરાત બોગસ દસ્તાવેજો બનાવડાવી ભળતાનામવાળા ઈસમોને આવાસના મકાનો પધરાવી દેવામાં આવ્યા હોવાનુ પંચાયત વિભાગના વડા ધનંજય દ્વિવેદી જાણતા હોવા છતાં બિલ્ડરો સાથે




મીલીભગત કરી મોટો ખેલ પાડી દેવામાં આવ્યો હોવાનુ જાણવા મળી રહ્યુ છે. આ અંગે વિધાનસભા સત્રમાં પણ વિપક્ષના નેતાઓ દ્વારા સવાલો કરવામાં આવ્યા હતા. ત્યારે જે તે વખતે મંત્રીઓએ પણ વિધાનસભા સત્રમાં કહ્યુ હતુ કે આ કૌભાંડોમાં જે પણ બિલ્ડરો અથવા અધિકારીઓ સંડોવાયેલા હશે તેઓને છોડવામાં નહી આવે, પરંતુ અહીયા તો વાડ ચીભડાં ગળતી હોય તો ફરીયાદ કોને કરવી, આમ પંચાયત વિભાગના વડા ધનંજય દ્વિવેદી આ કૌભાંડમાં સંડોવાયેલા હોવાનુ લાભાર્થી પંકજ રામાનંદી કહી ચુકયા છે. તેમ છતાં સરકાર દ્વારા સીબીઆઈ ને તપાસ કેમ સોંપવામાં આવતી નથી તે પણ એક મોટો સવાલ ઉઠી રહ્યો છે. આ ત્રણેય ત્રિપુટી બિલ્ડરોએ કૌભાંડ આચર્યુ હોવાનુ રમણભાઈ સોમાભાઈ પ્રજાપતિએ રૂપીયા ૧૦૦ ના સ્ટેમ્પ પેપર ઉપર નોટરી કરી કબુલ્યુ હોવા છતાં મુખ્યમંત્રી કે નાયબ મુખ્યમંત્રી દ્વારા કેમ તપાસ કરવામાં આવતી નથી, કાયદામાં રહેશો તો ફાયદામાં રહેશો નુ જાહેરમાં બોલનારા નાયબ મુખ્યમંત્રી પણ આ પ્રકરણમાં મૌન સેવી રહ્યા છે તેનુ કારણ શું ?

### નેશનલ હેલ્થ મિશન ભરતી મામલે કંઈક રંધાતુ હોવાની આશંકા સેવાઈ રહી છે ?

# આરોગ્ય મંત્રીના અંગત સચિવ કહે છે રૂરલ કમિશ્નર ડો.રતનકંવર ગઢવી મંત્રીના આદેશનુ પાલન કરતા નથી શું આ વાત ગળે ઉતરે ખરી?

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકારના આરોગ્ય વિભાગના તાંબા હેઠળના નેશનલ હેલ્થ મિશન અંતર્ગત જિલ્લા પંચાયતો દ્વારા વિવિધ કેડરોની ભરતી માટે જાણીતા અખબારોમાં નેશનલ હેલ્થ મિશન દ્વારા જિલ્લા પંચાયતો મારફતે જાહેરાતો આપવામાં આવી હતી.

આ જાહેરાતો અન્વયે રાજયના લાખો બેરોજગાર યુવાનો - યુવતીઓએ ઓનલાઈન ફોર્મ ભર્યા બાદ અચાનક ભરતી પર રોક લગાડી દેવામાં આવતા મંત્રી થી લગાડી નેશનલ હેલ્થ મિશનના ડાયરેકટર (રૂરલ કમિશ્નર) શંકાના દાયરામાં આવ્યા હોય તેવુ પ્રજા અનુભવી રહી છે. આ ભરતીમાં લાયકાત ધરાવતા ઉમેદવારો હોવા છતાં ભરતી પર રોક લગાડી દેવા પાછળનુ કારણ શું ? જો ભરતી કરવી ન હતી તો પછી જાણીતા અખબારોમાં જાહેરાતો આપી ફોર્મ કેમ ભરાવવામાં આવ્યા તે પણ એક મોટો સવાલ ઉઠી રહ્યો છે. આ અંગે ભાજપના મંત્રીઓ, ધારાસભ્યો અને આગેવાનો પણ મંત્રી પાનસેરીયાની કામગીરીથી નારાજ હોવાનુ કેટલાક ધારાસભ્યો




મીડીયા સમક્ષ કહી ચુકયા છે. આ બધાની વચ્ચે આરોગ્યમંત્રીના અંગત સચિવે કહ્યુ હતુ કે મંત્રી દ્વારા ભરતી માટે નેશનલ હેલ્થ મિશનના ડાયરેકટર અને રૂરલ કમિશ્નર ડો. રતનકંવર ચારણ ગઢવી ને આદેશો આપી દેવામાં આવ્યા છે. પરંતુ ડો. રતનકંવર ચારણ ગઢવી પાલન કરતા નથી, તો પછી આરોગ્ય મંત્રી દ્વારા મુખ્યમંત્રીને આ અંગે કેમ રજુઆત કરવામાં આવતી નથી, ખાતાના મંત્રીનુ ડો. રતન કંવર ગઢવી ચારણ દ્વારા પાલન ન કરવા પાછળનુ કારણ શું ?

શું આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયા પ્રજામાં સારૂ દેખાડવા ડો. રતન કંવર ગઢવી ચારણની ભરતી માટેના આદેશ આપતા હોય અને અંદરખાને કોઈ મોટી રાજરમત તો નથી રમાતી ને તેવા અનેક સવાલો પ્રજામાં ઉઠી રહ્યા છે. જે હોય તે પરંતુ આ મુદ્દો આગામી સમયમાં કેન્દ્રીય હાઈકમાન્ડ અથવા મુખ્યમંત્રી સુધી પહોચે તો નવાઈ નહી. કારણ કે આ પ્રકરણમાં ખુદ ભાજપના ધારાસભ્યોની નારાજગી હોવાનુ બહાર આવ્યુ હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે.

# હિંમતનગરમાં બે અલગ અલગ રથયાત્રાને લઈ હિન્દુ સંગઠનોમાં વિવાદ

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગરમાં ચાલુ વરસે બે-બે રથયાત્રા નિકળવાની હોવાથી શહેરીજનો માં ભારે અવઢવની પરિસ્થિતિ સર્જાઈ છે. એક રથયાત્રા નિયત દિવસે પરંપરાગત એટલે કે અષાઢી બીજ તારીખ ૧૬ મી જુલાઈને ગુરૂવારે નિકળશે. જયારે ઈસ્કોન સંસ્થા દ્વારા નિયત દિવસના બદલે બે દિવસ બાદ તારીખ ૧૮ મી




જુલાઈને શનિવારે રથયાત્રા કાઢવાનુ જાહેર કરવામાં આવ્યુ છે.

જેના કારણે મોટાભાગના હિન્દુ સંગઠનો અને શહેરીજનો સંસ્કૃતિ અને પરંપરા સાથે ચેડા કરવાનો આક્ષેપ ઈસ્કોન સંસ્થા સામે કરી રહ્યા છે. હિંમતનગરમાં ચાલુ વરસે ભગવાન જગન્નાથજી ની બે અલગ અલગ રથયાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ છે. પ્રથમ રથયાત્રા અષાઢી બીજના પાવન દિવસે તારીખ ૧૬ મી જુલાઈએ યોજાશે. તો બીજી રથયાત્રા અષાઢ સુદ પાંચમ એટલે કે તારીખ ૧૮ મી જુલાઈએ ઈસ્કોન વડોદરાની સત્તા હેઠળ ભકિતવેદાંત આશ્રમ દ્વારા પ્રથમ વખત યોજાશે. બંને રથયાત્રાઓ અલગ અલગ સ્થળે થી પ્રસ્થાન કરીને શહેરના વિવિધ વિસ્તારોમાંથી પસાર થશે. આ દરમિયાન ઈસ્કોન દ્વારા અષાઢી બીજના પાવન દિવસના બદલે બે દિવસ પછી રથયાત્રાનુ આયોજન કરાયુ હોવાથી સમસ્ત હિંમતનગર શહેરમાં આ મુદો ભારે ચર્ચા સ્પદ બન્યો છે અને શહેરીજનોના મનમાં વિરોધનો સુર નિકળ્યો હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે.

# ભાજપ સંગઠન અને સરકારમાં થશે ફેરફારોની ચર્ચાએ જોર પકડયું: આજે અમિત શાહ સરકાર અને સંગઠનના કમલમમાં લેશે કલાસ

પ્રતિનિધિ,ગાંધીનગર

આજે રથયાત્રા બાદ મોડી સાંજે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ , નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી , પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા સહિત સરકાર અને સંગઠનના હોદ્દેદારો સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાવા જઈ રહી છે. કેટલાક લોકો આ બેઠકને ભાજપના ધારાસભ્યોની નારાજગીને લઈને પણ યોજાતી હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે.



તરસ લાગે ત્યારે કુવો ખોદવો તે ભાજપની સિસ્ટમ નથી. ભાજપ હંમેશા પાણી પહેલા જ પાળ બાંધે છે. ગુજરાત વિધાનસભાની ચુંટણીના આડે હજુ દોઢ વરસનો સમયગાળો બાકી છે. ત્યારે ગુજરાતમાં સતત આઠમી વખત પૂર્ણ બહુમત સાથે સત્તા સુખ હાંસલ કરવા માટે ભાજપ દ્વારા અત્યારથી જ તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. ગુજરાતની મુલાકાતે આવેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે રથયાત્રા બાદ ભાજપ કાર્યાલય કમલમ ખાતે સરકાર અને સંગઠનના હોદ્દેદારો સાથે એક મહત્વપૂર્ણ મેરેથોન બેઠક યોજાશે. જેમાં તેઓ વિધાનસભાની ચુંટણીઓ અંગે એક રોડ મેપ તૈયાર કરાશે. સરકાર અને સંગઠનની કામગીરીની જીણવટભરી સમીક્ષા કરવામાં આવશે. તો કેટલાક ધારાસભ્યોની કામો ન થતા હોવાની ફરીયાદોને લઈ પણ ચર્ચા વિચારણા થાય તેવુ ચર્ચાઈ રહ્યુ છે.

કેટલાક મહત્વપૂર્ણ ફેરફારો પણ કરવામાં આવી શકે છે. જે વિધાનસભા વિસ્તારમાં ભાજપની સ્થિતિ નબળી છે ત્યાં પક્ષને મજબુત કરવા પર ભાર મુકવામાં આવશે.

ગત એપ્રિલ મહિનામાં ગુજરાતમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં ભાજપને જાજરમાન સફળતા મળી હતી. સ્થાનિક સ્વરાજયની સંસ્થાની ચુંટણીના પરીણામોને ધ્યાનમાં રાખવામાં આવે તો ભાજપ વિધાનસભાની આગામી ચુંટણીમાં ૧૭૦ જેટલી બેઠકો આસાનીથી જીતી શકે તેવુ સાનુકુળ માહોલ છે. પરંતુ હાલ મોરબીના જેતપર થી શરૂ થયેલા ખેડુત આંદોલનની અસર સૌરાષ્ટ્રભરમાં થોડા ઘણા અંશે વર્તાઈ રહી છે. આવામાં આ આંદોલન વિધાનસભાની ચુંટણીના પરીણામ પર અસર ન કરે તે માટે ભાજપે અત્યાર થી જ ડેમેજ કંટ્રોલ શરૂ કરી દીધુ છે. આજે બુધવારે રાત્રે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનુ અમદાવાદ ખાતે આગમન થશે તો બીજી તરફ આજે ગુરૂવારે અષાઢી બીજના પાવન અવસરે તેઓ અમદાવાદના જગ વિખ્યાત જગન્નાથજી મંદિરે મંગળા આરતી માં સહપરીવાર સામેલ થશે. ત્યારબાદ તેઓ આજે ગુરૂવારે બપોરે પ્રદેશ ભાજપ કાર્યાલય ખાતે એક મહત્વપૂર્ણ બેઠક યોજશે. તો બીજી તરફ મોડી સાંજે યોજાનારી બેઠકમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને સંગઠન મહામંત્રી રત્નાકરજી સાથે બેઠક યોજાશે.

આ મહત્વપૂર્ણ બેઠકમાં રાજય સરકારના ૨૬ મંત્રીઓ અને સંગઠનના તમામ હોદ્દેદારો ઉપસ્થિત રહેશે. હાલ સરકાર દ્વારા કરવામાં આવતી જનસુખાકારી લક્ષી કામગીરી અને સંગઠન દ્વારા પક્ષને બુથ લેવલ સુધી મજબુત કરવા માટે કરાતી કામગીરીની સમીક્ષા કરવામાં આવશે. ગુજરાત વિધાનસભાની આગામી વર્ષમાં યોજાનારી ચુંટણીમાં કેવી રીતે રેકોર્ડબ્રેક જીત મેળવી શકાય તેનો રોડ મેપ તૈયાર કરવામાં આવશે. જે ધારાસભ્યનુ પર્ફોમન્સ નબળુ છે તેઓને કડક તાકીદ કરવામાં આવશે. આ ઉપરાંત હાલ જે વિધાનસભા બેઠકો ભાજપ પાસે નથી તેને હવે કેવી રીતે જીતી શકાય તેનુ ફુલપ્રુફ પ્લાનીંગ કરવામાં આવશે. સ્થાનિક સ્વરાજયની ચુંટણીના પરીણામોના ડેટાના આધારે વિધાનસભાની ચુંટણીનો રોડ મેપ તૈયાર કરવામાં આવશે. આ બેઠકમાં સાંસદો કે ધારાસભ્યોને હાજર રહેવા માટે કોઈ સુચના અત્યાર સુધી આપવામાં આવી નથી. અમિત શાહ માત્ર સરકાર અને સંગઠનના હોદ્દેદારો સાથે જ બે થી અઢી કલાકની બેઠક યોજશે.

દિવાળી પહેલા મંત્રી મંડળનુ વિસ્તરણ કરવામાં આવ્યુ હતું. ત્યારબાદ નવુ મજબુત સંગઠન માળખુ જાહેર કરાયુ હતું. હાલ ગુજરાતમાં ભાજપની સરકાર અને સંગઠન માળખુ ખુબ જ સારા સંકલનથી કામ કરી રહ્યુ છે. તો કેટલાક મંત્રીઓની કામગીરી નબળી હોવાને લઈ ભાજપ ના ધારાસભ્યોમાં પણ નારાજગી વર્તાઈ રહી છે. ત્યારે આ અંગે આજની બેઠકમાં પણ અમિત શાહ આ મંત્રીઓના કલાસ લઈ શકે છે.

# ગાંધીનગર સચિવાલયમાં અધિકારીઓની સંખ્યામાં કરાયો વધારો : રાજય સરકારે સેકશન ઓફીસરના ૨૮ નવા પદ ને આપી મંજુરી

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકારે વહિવટી કામગીરીને વધુ ઝડપી અને કાર્યક્ષમ બનાવવા સચિવાલય સંવર્ગમાં સેકશન ઓફીસર (વર્ગ-૨) ના પદોની સંખ્યામાં વધારો કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. સામાન્ય વહિવટ વિભાગ ના ઠરાવ મુજબ સેકશન ઓફીસરના મંજુર પદો ૬૦૬ થી વધારીને ૬૩૪ કરવામાં આવ્યા છે. આ નિર્ણયથી સરકારી ફાઈલોના નિકાલની ગતિ વધશે. નીતીગત નિર્ણયોનુ અમલીકરણ ઝડપી બનશે અને સામાન્ય નાગરીકોના કામો ઓછા સમયમાં પૂર્ણ થઈ શકશે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ લેવાયેલા આ નિર્ણય અનુસાર નવી કેડર રચનામાં મુખ્યમંત્રી કાર્યાલય (સીએમઓ) સહિત રાજયના ૨૬ વિભાગો અને ૧૯ કચેરીઓમાં વધારાનુ કાર્યબળ મળશે. આ ઉપરાંત મુખ્યમંત્રી કાર્યાલય, ગુજરાત તકેદારી પંચ, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ સહિતની કેટલીક મહત્વની કચેરીઓ માટે હંગામી પદો તથા ડેપ્યુટેશન રીઝર્વની પણ જોગવાઈ કરવામાં આવી છે. છેલ્લા કેટલાક વરસોમાં વધતી વહિવટી જવાબદારીઓ અને ફાઈલોના ભારને ધ્યાનમાં રાખીને કેડર સ્ટ્રેન્થ ની સમીક્ષા કરવામાં આવી રહી હતી. તેના આધારે પદોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે. જેથી વિભાગો વચ્ચે નિર્ણય પ્રક્રિયા વધુ સુવ્યવસ્થિત અને સમયબધ્ધ બની શકે, નોંધનીય છે કે રાજય સરકારે ચાલુ વર્ષ દરમિયાન સચિવાલય સંવર્ગના ૮૬ નાયબ સેકશન અધિકારીઓ (વર્ગ-૩) ને બઢતી આપી સેકશન ઓફીસર (વર્ગ-૨) તરીકે નિયુકત કર્યા છે. નવા



પદો અને બઢતીના કારણે સચિવાલયમાં અધિકારીઓની ઉપલબ્ધતા વધશે. જેના પરીણામે ફાઈલોના નિકાલની પ્રક્રિયામાં ગતિ આવશે અને સરકારી સેવાઓ વધુ કાર્યક્ષમ બનશે.

# અશાંતધારાના બદલે હવે સ્પેસિફાઈડ એરીયા શબ્દ વપરાશે: મિલ્કત ટ્રાન્સફર ના નિયમો કરાયા કડક

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં મિલ્કતોની સુરક્ષા, સામાજિક સૌહાર્દ જાળવવા અને ખરીદ વેચાણની પ્રક્રિયાને વધુ પારદર્શક તેમજ કડક બનાવવા માટે રાજય સરકારે એક ઐતિહાસિક નિર્ણય લીધો છે. વરસોથી પ્રચલીત એવા અશાંતધારા કાયદાને લઈને સરકારે વિસ્તૃત નિયમો સાથેનુ એક નવુ નબળુ ન પડી શકે તેવુ નોટીફીકેશન બહાર પાડયુ છે.




આ નવા નિયમો અંતર્ગત હવે કાયદાકીય અને સત્તાવાર પ્રક્રિયામાં અશાંતધારા શબ્દના સ્થાને સ્પેસિફાઈડ એરીયા એટલે કે નિયત અથવા વિશિષ્ટ વિસ્તાર શબ્દનો ઉપયોગ કરવામાં આવશે. સરકારના આ સુધારા પાછળનો હેતુ પ્રક્રિયાને વધુ સચોટ અને વૈજ્ઞાનિક ઓપ આપવાનો છે. નવા નોટીફીકેશન મુજબ રાજયમાં હવે એક ઉચ્ચ સ્તરીય મોનીટરીંગ એન્ડ એડવાઈઝરી કમિટીની રચના કરવામાં આવશે. આ ખાસ કમિટીની ચોકકસ સલાહ અને ભલામણના આધારે જ કલેકટર દ્વારા કોઈપણ વિસ્તારને સ્પેસિફાઈડ એરીયા (વિશિષ્ટ વિસ્તાર) તરીકે જાહેર કરી શકાશે. આ ઉપરાંત આ કાયદાકીય પ્રક્રિયા અંતર્ગત કોઈપણ પ્રકારની મુશ્કેલી કે દબાણનો ભોગ બનનાર વ્યકિત માટે હવેથી સત્તાવાર રીતે પર્સન અગ્રીવડ (પીડીત વ્યકિત) શબ્દ પ્રયોગ નકકી કરવામાં આવ્યો છે. જે વિસ્તારોમાં ડેમોગ્રાફીક ફેરફાર કે સામુહિક સ્થળાંતરની સંભાવના સેવાતી હશે તેને પણ તાત્કાલીક ધોરણે આ સ્પેસિફાઈડ એરીયાની યાદીમાં સામેલ કરી શકાશે.

નવા કાયદાકીય માળખા મુજબ જાહેર કરાયેલા વિશિષ્ટ વિસ્તારોમાં મિલ્કતોના ખરીદ વેચાણ કે માલીકી ટ્રાન્સફર બાબતે હવે સીધી કલેકટર કક્ષાએ ઉંડાણપૂર્વકની તપાસ હાથ ધરવામાં આવશે. જે વિસ્તારોમાં ભુતકાળમાં કોમી તણાવ કે શાંતિભંગની સ્થિતિ સર્જાઈ હોય, ત્યાં સ્થાનિક પરિસ્થિતિની જીણવટભરી તપાસ કર્યા બાદ જ મિલ્કત વેચાણની અંતિમ મંજુરી (એનઓસી) આપવામાં આવશે. આ સમગ્ર તપાસ પ્રક્રિયા પારદર્શક રીતે પૂર્ણ થાય તે માટે એક વિશેષ તપાસ ટીમ એટલે કે એસઆઈટી (સ્પેસીયલ ઈન્વેસ્ટિગેશન ટીમ ) ની રચના કરવાનો પણ નોટીફીકેશનમાં ઉલ્લેખ કરાયો છે. જે કલેકટરના સીધા માર્ગદર્શન હેઠળ કામ કરશે.

રાજય સરકાર દ્વારા જમીન માફીયાઓ અને બળજબરીપૂર્વક મિલ્કતો પડાવી લેતા તત્વો સામે આકરી કાયદાકીય જોગવાઈ કરવામાં આવી છે. જો તપાસ દરમિયાન કોઈ મિલ્કત ગેરકાયદેસર રીતે કે કાયદાના ઉલ્લંઘન સાથે ટ્રાન્સફર કરવામાં આવી હોવાનુ સાબિત થશે તો તે સોદો તાત્કાલીક અસરથી રદબાતલ ગણવામાં આવશે. આ સાથે જ આવા વિવાદાસ્પદ કિસ્સાઓમાં આગામી ૬ મહિનાની સમયમર્યાદામાં જ નાણાંકીય લેવડ દેવડ પતાવીને મુળ માલીકને મિલ્કતનો વાસ્તવિક કબ્જો પરત સોંપવાનો કડક નિયમ જાહેર કરવામાં આવ્યો છે. સરકારના આ આકરા અને સુધારાવાદી પગલાથી ગેરકાયદેસર સોદા કરનારાઓ પર મોટી લગામ કસાશે અને પીડીતોને ઝડપી ન્યાય મળશે.

# જનેતા માતાએ વ્હાલસોયી પુત્રી સાથે કુવામાં કુદી જીવન ટુંકાવ્યુ: જસદણના મોટાદડવા ગામમાં એક સાથે ૨ ના મોત થી માતમ

પ્રતિનિધિ,ગાંધીનગર

જસદણ તાલુકાના મોટાદડવા ગામેથી એક અત્યંત હ્રદય દ્રાવક અને અરેરાટીભરી ઘટના બહાર આવી છે. મોટાદડવા ગામની સીમમાં આવેલ એક કુવામાં માતાએ પોતાની માસુમ પુત્રી સાથે ઝંપલાવીને સામુહિક આપઘાત કરી લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. આ કરૂણ ઘટનાને પગલે નાના એવા ગામમાં શોકનુ મોજુ ફરી વળ્યુ છે અને પરીવારજનો આક્રંદ કરી રહ્યા છે. આ ચકચારી ઘટનાની જાણ થતા જ આટકોટ પોલીસ સ્ટેશનનો સ્ટાફ અને જસદણ એએસપી સહિતના ઉચ્ચ અધિકારીઓનો કાફલો તાત્કાલીક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. કુવો ઉંડો હોવાના કારણે સ્થાનિક તંત્ર દ્વારા ગોંડલ ફાયરબ્રિગેડની ટીમને પણ તાકીદે મદદ માટે બોલાવવામાં આવી હતી. પોલીસ


મોટા દડવા ગામે હૃદયદ્રાવક ઘટના, માતા-પુત્રીનો આપઘાત

અને ગોંડલ ફાયરબ્રિગેડની ટીમે સંયુકત રીતે ભારે જહેમત ઉઠાવીને કુવામાંથી માતા અને પુત્રી બંનેના મૃતદેહને બહાર કાઢયા હતા. ત્યારબાદ બંને મૃતદેહોને પીએમ અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. એક માતાએ પોતાની લાડકવાયી પુત્રી સાથે આ પ્રકારનુ અત્યંત અંતિમ પગલુ શા માટે ભર્યુ તે કારણ હજુ સુધી જાણી શકાયુ નથી. કૌટુંબિક કંકાસ, આર્થિક સંકડામણ કે અન્ય કોઈ માનસિક તણાવ આ આપઘાત પાછળ જવાબદાર છે કે કેમ, તે દિશામાં આટકોટ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પોલીસે આજુબાજુના લોકો અને પરીવારજનોની પ્રાથમિક પુછપરછ શરૂ કરી છે. પોલીસ તપાસ અને પીએમ રીપોર્ટ બાદ જ આ સામુહિક આપઘાત પાછળનુ સાચુ કારણ બહાર આવશે તેવુ ચર્ચાઈ રહ્યુ છે.

# સુરત પૂર પીડીતો માટે હર્ષ સંઘવીની સહાયની જાહેરાત: રૂ.૧ લાખ સુધી સહાય તેમજ ૩૦ લાખ સુધીની લોન મળશે






પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સુરતની શરૂઆતના અઠવાડીયામાં પડેલા ભારે વરસાદ બાદ પૂર જેવી પરિસ્થિતિનુ નિર્માણ થયુ હતું. જેને કારણે જનજીવન ખોરવાઈ ગયુ હતું અને શહેરના અનેક વિસ્તારો બેટમાં ફેરવાઈ ગયા હતા. પૂર ના પાણી વેપારીઓની દુકાનો અને ધંધાના સ્થળો પર ઘુસી જતા લાખો રૂપીયાના સામાનને નુકશાન થયુ હતું અને અનેક વેપારીઓને ભારે આર્થિક નુકશાન વેઠવુ પડયુ હતું. મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ અસરગ્રસ્ત પરીવારોને તાત્કાલીક કેશ ડોલ અને ઘરવખરી સહાય પહોચાડવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. શહેરમાં સ્વચ્છતા અને આરોગ્ય સેવાઓ ઝડપથી પુનઃ સ્થાપિત થાય તે માટે ડોર ટુ ડોર આરોગ્ય તપાસ, મેડીકલ કેમ્પો અને વિશેષ સફાઈ અભિયાન ચલાવવા પણ સુચનાઓ આપવામાં આવી હતી. છેલ્લા એક અઠવાડીયાથી ૯ હજાર થી વધુ સ્વચ્છતા કર્મચારીઓ સતત કામગીરી કરી રહ્યા છે. રાજય સરકારે અત્યાર સુધીમાં ૧૯ હજાર થી વધુ નાગરીકોને કેશ ડોલ અને ઘરવખરી સહાય ચુકવી દીધી છે. ખાસ વાત એ છે કે પ્રથમ માળે રહેતા અને પાણી ન ભરાયા હોવા છતાં રોજગાર પર અસર પડવાથી નોકરીએ જઈ શકયા ન હોય એવા લોકોને પણ સહાય આપવામાં આવી છે. ભારે વરસાદના કારણે વિમા સુરક્ષા વિના નુકશાન વેઠનારા વેપારીઓ અને નાના ધંધાર્થીઓને મદદરૂપ થવા માટે રાજય સરકારે વિશેષ રાહત પેકેજ જાહેર કર્યુ છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજય સરકારે અસરગ્રસ્ત વેપારીઓ માટે વિશેષ રાહત પેકેજની જાહેરાત કરી છે. મીડીયાના અહેવાલ મુજબ સરકારે વેપારીઓને ૭૫૦૦ રૂપીયા થી લઈને ૧ લાખ રૂપીયા સુધીની સહાય તેમજ ફરી ધંધો શરૂ કરી શકે તે માટે ૩૦ લાખ રૂપીયા સુધીની લોન અને વ્યાજ સહાય આપવાની જાહેરાત કરવામાં આવી છે. કેબિનેટ બેઠકમાં લેવાયેલા નિર્ણય મુજબ લારી-રેકડી ચલાવતા અને નુકશાન પામેલા લોકોને ૭૫૦૦ રૂપીયાની સહાય આપવામાં આવશે. આ ઉપરાંત ૪૦ ફુટ સુધીની નાની કેબિન ધરાવતા વેપારીઓને ૨૫ હજાર રૂપીયા અને ૪૦ ફુટ થી વધુ કદની કેબિન ધરાવતા વેપારીઓને ૫૦ હજાર રૂપીયાની સહાય આપવામાં આવશે. જયારે પાકી દુકાનમાં નુકશાન થયેલા વેપારીઓને ૧ લાખ રૂપીયા સુધીની સહાય ચુકવવામાં આવશે. આ સહાયનો લાભ છેલ્લા ૩ મહિનામાં જીએસટી રીટર્ન ભરનાર વેપારીઓને મળશે. સરકારે અસરગ્રસ્ત વેપારીઓ માટે લોન સહાય યોજનાની પણ જાહેરાત કરી છે. આ યોજના હેઠળ ૩ વરસ સુધી લોનના વ્યાજ પર ૭ ટકા સહાય રાજય સરકાર દ્વારા ચુકવવામાં આવશે. યોજનાના માપદંડ મુજબ, જીએસટીમાં ૭ લાખ રૂપીયા સુધીની ટર્નઓવર ધરાવતા વેપારીઓને ૨૦ લાખ રૂપીયા સુધીની લોન અને ૫ લાખ રૂપીયા સુધીની વ્યાજ સહાય મળશે. ૭.૫ લાખ રૂપીયા સુધીના ટર્ન ઓવર ધરાવતા વેપારીઓને ૨૫ લાખ રૂપીયા સુધીની લોન અને ૮ લાખ રૂપીયા સુધીની વ્યાજ સહાય ચુકવવામાં આવશે. જયારે ૭.૫ લાખ રૂપીયાથી વધુ ટર્નઓવર ધરાવતા વેપારીઓને ૩૦ લાખ રૂપીયા સુધીની લોન અને ૧૦ લાખ રૂપીયા સુધીની વ્યાજ સહાય સરકાર દ્વારા આપવામાં આવશે.